

# વિશ્વવિહાર

વર્ષ : 28 * અંક : 5 * ફેબ્રુઆરી 2026 * કિં. ₹ 15





વિશ્વકોશના માતૃભાષા સંવર્ધન કેન્દ્રના માર્ગદર્શક અને વ્યાખ્યાતા
તથા 'વિશ્વવિહાર' અને 'ગુર્જરી ડાયજેસ્ટ'ના નિયમિત કૉલમલેખક
પદ્મશ્રી અલંકૃત શ્રી રતિલાલ બોરીસાગર




વિશ્વકોશ દ્વારા તૈયાર થયેલા નારીકોશ(ભાગ ૧થી ૩)ના લોકાર્પણ પ્રસંગે સર્વશ્રી વૈશાલી ધોળકિયા, પ્રીતિ શાહ, રેનાના જાબવાલા, જ્યોત્સ્ના યાજ્ઞિક, દેવાંગી ભટ્ટ જોષી, ટીના દોશી, બેલા ઠાકર



'અધ્યાત્મ અને વિજ્ઞાન' વિશે વક્તવ્ય આપતા આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત ખગોળ ભૌતિકશાસ્ત્રી ડૉ. પંકજ જોશી



'પ્રમુખ ડૉનાલ્ડ ટ્રમ્પની વિદેશનીતિ : ભારતના સંદર્ભમાં' વિશે વક્તવ્ય આપતા શ્રી નટવર ગાંધી

આ ક્યૂ આર કોડ સ્કૅન કરવાથી 'વિશ્વવિહાર'માં અગાઉ પ્રકાશિત થયેલા લેખો સાંભળી શકાશે અને જે તે મહિનાનું 'વિશ્વવિહાર' દર મહિનાની ૧૫મી તારીખે શ્રાવ્ય (ઓડિયો) રૂપે ઉપલબ્ધ થશે.

◆

email : vishvakoshad1@gmail.com ◆ www.vishwakosh.org
છૂટક કિંમત : ₹ ૧૫/-, વાર્ષિક લવાજમ ₹ ૧૫૦/-, ત્રણ વર્ષનું લવાજમ ₹ ૪૦૦/-
લવાજમ : 'ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ'ના નામે ડ્રાફ્ટ અથવા મ. ઑ.થી જ મોકલવું.
વિશિષ્ટ સહયોગ : શ્રી સી. કે. મહેતા (દીપક નાઇટ્રેટ)
[અહીં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની છે.]

આજની વાત

# ડોનાલ્ડ ટ્રમ્પની રાજનીતિ

**પ્રવીણ ક. લહેરી**

૨૦૧૬માં શ્રી ડોનાલ્ડ ટ્રમ્પ પ્રથમ વખત અમેરિકાના પ્રમુખ તરીકે ચૂંટાઈ આવ્યા, ત્યારે તેમનું સૂત્ર હતું; 'મેક અમેરિકા ગ્રેટ અગેઇન'. ટૂંકાક્ષરીમાં MAGA તરીકે પ્રચલિત સૂત્ર પાછળનો તર્ક એ હતો કે છેલ્લાં થોડાં વર્ષમાં અમેરિકા ખૂબ મોટી વ્યાપારખાધ ભોગવી રહ્યું છે, તેના કારણે અમેરિકાના વિકાસને પ્રતિકૂળ પરિસ્થિતિ નિર્માણ થઈ છે. આ ઉપરાંત અમેરિકામાં ગેરકાયદેસર ઘૂસેલા લોકોને કારણે અમેરિકાના નાગરિકોની રોજગારી છીનવાઈ રહી છે. વળી ચીન, કોરિયા, ભારત, બ્રાઝિલ જેવા દેશો અદ્યતન આંતરમાળખાકીય સુવિધાઓનું નિર્માણ કરી રહ્યા છે, ત્યારે અમેરિકાનું વર્ષો પહેલાં વિકસાવેલું માળખું જરીપુરાણું થઈ રહ્યું છે. વ્યાપારખાધના મુદ્દે ચીન સામે અને ગેરકાયદેસર ઘૂસણખોરી માટે મેક્સિકો સામે કાર્યવાહી કરવી જોઈએ તેવો ડોનાલ્ડ ટ્રમ્પનો મત હતો. તેમણે પ્રથમ ટર્મમાં સત્તાગ્રહણ કર્યા બાદ અમેરિકી અને મેક્સિકન સરહદે દીવાલ બાંધીને ગેરકાયદેસર રીતે પ્રવેશતા લોકોને રોકવા માટે અસરકારક કામગીરી કરી હતી. ચીન સાથે મંત્રણા દ્વારા તેમણે ચીનમાં વધારે અમેરિકી માલ આયાત થાય તે માટે પ્રયત્નો કર્યા હતા. તેમની પ્રથમ ટર્મમાં આપણા વડાપ્રધાનની અમેરિકાની મુલાકાતો ખૂબ સફળ રહી હતી. શ્રી મોદી અને શ્રી ટ્રમ્પની બે જગ્યાઓની જાહેર સભાઓમાં ભારત-અમેરિકાના સંબંધો અને તેમની વચ્ચેની મિત્રતાના કારણે બંને દેશો ખૂબ નજીક આવશે તેવી આશા જન્મી હતી. આ સમય દરમિયાન ચીનને અંકુશમાં રાખવા અમેરિકા, જાપાન, ભારત અને ઑસ્ટ્રેલિયા - એમ ચાર દેશોનું જૂથ કવાડના નામે રચવામાં આવ્યું છે. શ્રીમાન ટ્રમ્પની પ્રથમ ટર્મ દરમિયાન સારો એવો સમય કોરોનાની મહામારીમાં ગયો હતો. શ્રી ટ્રમ્પના પહેલા કાર્યકાળમાં ભારત-અમેરિકાના સંબંધો અનેક રીતે મજબૂત બન્યા હતા.

વર્ષ ૨૦૨૦ની ચૂંટણીમાં ડેમૉક્રેટિક પાર્ટીના જો બાઈડેન પ્રમુખ તરીકે ચૂંટાયા હતા. તેઓ ઉંમરના કારણે અનેક બીમારીઓથી પીડાતા હતા. તેમના કાર્યકાળમાં અમેરિકા-ચીન વચ્ચે તનાવ ઓછો થયો હતો અને અમેરિકા-ભારત વચ્ચે અગાઉ જેટલા ગાઢ સંબંધો રહ્યા ન હતા. જો બાઈડેનના પ્રમુખપદના સમયમાં અમેરિકામાં કોણ કેવા નિર્ણયો કરે છે તે સમજવું મુશ્કેલ હતું.

જો બાઈડેનનો પ્રમુખપદનો સમય પ્રમાણમાં સુસ્ત અને નકારાત્મક રહ્યો હતો. જો બાઈડેને બીજી વાર પ્રમુખ થવાનો આગ્રહ રાખી ઉમેદવારી નોંધાવી, પણ આરોગ્યનાં કારણોસર તેમણે ખસી જવું પડ્યું. તેમના સાથી અને ઉપપ્રમુખ ભારતીય મૂળનાં મહિલા કમલા હેરિસ તેમની જગ્યાએ પ્રમુખપદ માટે ઊભાં રહ્યાં. તેમની સામે રિપબ્લિકન પાર્ટી

તરફથી ડોનાલ્ડ ટ્રમ્પે ચૂંટણીમાં ઝંપલાવ્યું. ટ્રમ્પનો વર્ષ ૨૦૨૪ની ચૂંટણીમાં જ્વલંત વિજય થયો. જાન્યુઆરી-૨૦૨૫માં ટ્રમ્પે ફરી અમેરિકા જેવી મહાસત્તાનું સુકાન સંભાળ્યું. હવે 'મેક અમેરિકા ગ્રેટ અગેઇન'નો વિચાર થોડા મુદ્દાઓ પરત્વે મર્યાદિત ન રહેતાં તેમાં અનેક મુદ્દાઓ ઉમેરાયા. જો બાઈડેનના પ્રોત્સાહનથી અને નાટોના વિસ્તરણ માટે યુક્રેનને હાથો બનાવી રશિયા સાથે યુદ્ધ શરૂ થયું. જે આજે પાંચ વર્ષ પછી પણ પૂરું થવાનું નામ નથી લેતું. આ રીતે ઇઝરાયેલ અને હમાસ વચ્ચે તેમજ ઇઝરાયેલ અને ઈરાન વચ્ચેનો સંઘર્ષ અવિરત ચાલી રહ્યો છે. દ્વિતીય વિશ્વયુદ્ધ બાદ અતિ ભયાનક રીતે સ્થિતિ વણસી છે. અમુક સમયે તો ત્રીજા વિશ્વયુદ્ધના ભણકારા સંભળાય છે. ડોનાલ્ડ ટ્રમ્પે તેમના પ્રથમ કાર્યકાળમાં ચીન સાથેના વેપારની ખાધ સરભર કરવા ઝુંબેશ ઉપાડી હતી. 'મેક્સિકોમાંથી આવતા ગેરકાયદેસર રીતે પ્રવેશતા લોકોને રોકવા માટે અમેરિકા અને મેક્સિકો વચ્ચે દીવાલ બંધાવી હતી. ટ્રમ્પની પ્રથમ ટર્મ દરમિયાન લેવાયેલા મોટા ભાગના નિર્ણયો આંતરરાષ્ટ્રીય ધારાધોરણને ધ્યાનમાં રાખીને લેવાતા હતા.

ડોનાલ્ડ ટ્રમ્પની બીજી ટર્મની શરૂઆતના પ્રથમ દિવસે જ શ્રેણીબદ્ધ કારોબારી હુકમો દ્વારા જો બાઈડેને લીધેલા અનેક નિર્ણયો રદ કરવા માટે અને વિદેશી નાગરિકોના ગેરકાયદેસરના પ્રવેશને રોકવા અને ઘૂસણખોરોને તેમના દેશમાં પરત મોકલવા માટે

## અનુક્રમ


| | | |
|---|---|---|
| ડોનાલ્ડ ટ્રમ્પની રાજનીતિ | ૩ | પ્રવીણ ક. લહેરી |
| હૅટ ઉતરાવીને ગુજરાતી ભાષાને પાઘડી પહેરાવી ! | ૭ | કુમારપાળ દેસાઈ |
| માતૃભાષાના રખેવાળ | ૧૦ | પિંકી પંડ્યા |
| વર્તમાન પરંપરાના અદ્વિતીય માણભટ્ટ | ૧૨ | મહેશ ચંપકલાલ |
| છેવાડામાં કર્યો વિદ્યાયજ્ઞ | ૧૫ | રમેશ તન્ના |
| ચાંદીની પાછળ ચીનની ચાલ | ૧૮ | કેયૂર કોટર |
| રંગકર્મી રાજુ બારોટ | ૨૧ | દીપ્તિ જોશી |
| પતિ-પત્નીના જુદા જુદા પક્ષની ટિકિટ પર ચૂંટણી લડે ત્યારે | ૨૪ | રતિલાલ બોરીસાગર |
| સ્કેમર્સ કૉલનો આતંક | ૨૬ | હર્ષ મેસવાણિયા |
| આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી : માતૃભાષા ગુજરાતીમાં અવતરણ | ૨૮ | ડૉ. રવીન્દ્ર ખાંડવાળા |
| 'આનંદભૂમિના ઉદ્‌ગાતા સંત જ્ઞાનદેવ' | ૩૦ | સંજય સ્વાતિ ભાવે |
| વિશ્વકોશવૃત્ત | ૩૩ | – |

લેવામાં આવ્યા હતા. ટ્રમ્પે ૨૦ જાન્યુઆરી, ૨૦૨૫ના રોજ કાર્યભાર સંભાળ્યો તે પહેલાં જ તેમણે કૅનેડાને અમેરિકાનું ૫૧મું રાજ્ય ગણાવી તેના વડા જસ્ટિન ટ્રુડોને 'કૅનેડાના ગવર્નર' તરીકે સંબોધીને એક નવો મુદ્દો ઉપસ્થિત કર્યો હતો. આ ઉપરાંત યુક્રેનમાં રહેલી દુર્લભ પ્રકારની ધાતુઓ ખોદી કાઢવા અમેરિકાની કંપનીઓને લીઝ આપવા કરાર કર્યો હતો. ત્યારબાદ અમેરિકામાં મોટા પાયે ડ્રગ્સ ઘુસાડનારા તરીકે વેનેઝુએલા દેશ અને તેના પ્રમુખ માદુરોને જવાબદાર ગણાવ્યા હતા. આ અંગે અમેરિકાએ વિવિધ પ્રકારની ચેતવણીઓ આપીને અને એક રાત્રે એક આગવા ઑપરેશન દ્વારા શ્રી માદુરો અને તેની પત્નીની અટકાયત કરી તેમને અમેરિકા લાવીને તેમની સામે ડ્રગ્સ અને અન્ય મુદ્દે કેસ દાખલ કર્યો છે. જેની સુનાવણી અમેરિકી કોર્ટમાં ચાલે છે. વેનેઝુએલા બાદ ટ્રમ્પે ગ્રીનલૅન્ડ નામનો પ્રદેશ અમેરિકામાં ભેળવી દેવાનો મનસૂબો જાહેર કર્યો હતો. આ મુદ્દે સમગ્ર યુરોપ અને ખાસ કરીને ડેન્માર્ક દ્વારા ગંભીર વાંધાઓ લેવામાં આવ્યા છે. ડોનાલ્ડ ટ્રમ્પનું કહેવું છે કે નવી મહાસત્તા તરીકે ઊભરી રહેલું ચીન, કૅનેડા અને ગ્રીનલૅન્ડને ગળી જવા માટે તૈયારી કરી રહ્યું છે, ત્યારે સૌથી સલામત રસ્તો એ છે કે આ બંને દેશોએ અમેરિકામાં ભળી જવું, ડોનાલ્ડ ટ્રમ્પની આ દરખાસ્ત સામે કૅનેડા અને ગ્રીનલૅન્ડમાં વિરોધના સૂર ઊઠ્યા છે.

શ્રી ડોનાલ્ડ ટ્રમ્પે પ્રથમ ટર્મમાં પર્યાવરણ માટેની સંસ્થામાંથી અમેરિકાનું સભ્યપદ પાછું ખેંચી લીધું હતું. બીજી ટર્મમાં તેમણે યુનાઇટેડ નૅશન્સ સ્થાપિત તમામ એજન્સીઓના સભ્યપદેથી અમેરિકાને હટાવી લેતાં એક ગંભીર પરિસ્થિતિનું નિર્માણ થયું છે. અમેરિકા જેવી મહાસત્તા આંતરરાષ્ટ્રીય સંસ્થાઓમાંથી સાગમટે રાજીનામાં આપે ત્યારે આ સંસ્થાના સંચાલન માટે જ નહીં, પણ અસ્તિત્વ માટે પણ જોખમ સર્જાય છે. હમાસના અંકુશ હેઠળના ગાઝા પ્રદેશને ઇઝરાયેલ દ્વારા થયેલા હુમલામાં અતિ ભારે નુકસાન થયું છે. આ વિસ્તારના પુનઃસ્થાપન અને વિકાસ માટે ટ્રમ્પે 'બોર્ડ ઑફ પીસ'ની સ્થાપના કરી અમુક દેશોને તેમાં જોડાવા માટે આમંત્રણ આપેલ છે. આમાં સભ્યપદ માટે રૂ. ૯૦૦૦ કરોડ જેવી ફી હોવાથી અનેક નાના દેશો માટે તેમાં જોડાવાનું શક્ય નહીં બને. અમુક દેશોએ તેમાં જોડાવાનું સ્વીકાર્યું છે, પરંતુ થોડા દેશોએ તેમાં જોડાવા માટે ઇન્કાર કર્યો છે. ભારતે આ અંગે શું કરવું તેનો અંતિમ નિર્ણય લીધો નથી. અનેક રાજકીય તજ્જ્ઞોને 'બોર્ડ ઑફ પીસ' યુનાઇટેડ નૅશન્સનો વિકલ્પ બનશે તેવી શંકા છે. ડોનાલ્ડ ટ્રમ્પે નાટો દેશોના સાથી રાષ્ટ્રોને પ્રથમ ટર્મમાં ચેતવણી આપી હતી કે તેમની સુરક્ષાના ખર્ચનો બોજો કાયમી રીતે અમેરિકા પર નાખી શકશે નહીં. ટ્રમ્પે બીજી ટર્મમાં જે રીતે કૅનેડા અને ગ્રીનલૅન્ડને યુનાઇટેડ સ્ટેટ્સ ઑફ અમેરિકામાં સમાવવાની દરખાસ્ત કરી તેનાથી નાટોનાં સાથી રાષ્ટ્રો ખૂબ ચિંતિત છે. ડોનાલ્ડ ટ્રમ્પે બીજી ટર્મ દરમિયાન જે દેશો અમેરિકાની રાજનીતિને અનુસરવાનો ઇન્કાર કરે તે દેશોમાંથી આયાત થતા માલસામાન પર ૨૫ ટકાથી ૫૦૦ ટકા ડ્યૂટી નાખવાનો સંદેશો આપ્યો છે. ડ્યૂટીમાં વધારાના કારણે અનેક દેશોની નિકાસમાં નોંધપાત્ર ઘટાડો થયો

છે. આની સીધી અસર તે દેશોના ચલણના મૂલ્ય પર, રોજગારી અને સમગ્ર અર્થતંત્ર પર પડે છે. ટ્રમ્પનો દાવો છે કે ડ્યૂટીની વસૂલાતથી તે અમેરિકાનું ૩૯ ટ્રિલિયન યુએસ ડૉલરનું દેવું ઝડપથી ચૂકવી શકશે.

ભારત માટે ચિંતાનો વિષય એ છે કે ટ્રમ્પ અને મોદી વચ્ચેની મિત્રતાએ પાકિસ્તાનને અમેરિકી મદદથી વંચિત રાખ્યું હતું. ટ્રમ્પની બીજી ટર્મમાં ભારત અને ભારતીયોને ચિંતા થાય તેવા અનેક મુદ્દાઓ સામે આવ્યા છે. પાકિસ્તાનને જે સહાય મળે તેનો દુરુપયોગ આતંકવાદને પ્રોત્સાહન માટે અને ભારતનાં હિત વિરુદ્ધ થશે તેમાં શંકાને સ્થાન નથી. વર્ષ ૨૦૨૫માં ડોનાલ્ડ ટ્રમ્પની રાજનીતિ દ્વારા સમગ્ર વિશ્વમાં સન્નાટો છવાઈ ગયો છે. 'અમેરિકા ફર્સ્ટ'ની નીતિ એવા અંતિમ તબક્કે પહોંચી છે કે ભારત સહિત અનેક દેશો આ સમસ્યાનું કેમ નિરાકરણ કરવું તે મુદ્દે મૂંઝાયા છે. અમેરિકા માટે રશિયા કે ચીન હરીફ હોઈ શકે, પણ ભારત તો કોઈ પ્રત્યે શત્રુભાવ રાખવા માંગતું નથી. છેલ્લાં થોડાં વર્ષોમાં ભારત-અમેરિકાના સબંધો ગાઢ બન્યા હતા, પરંતુ હવે તેમાં ઓટ આવતી દેખાય છે. ભવિષ્યે શું થશે તેની આગાહી કરવી એટલી મુશ્કેલ છે કે સારામાં સારા રાજકીય પંડિતો એટલું જ કહેશે; 'ન જાણ્યું જાનકી નાથે, સવારે શું થવાનું છે ?'.

## વાચકમિત્રોને ખાસ વિનંતી

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સામયિક 'વિશ્વવિહાર'માં આવતી પ્રમાણભૂત અને વૈવિધ્યસભર લેખસામગ્રીથી આપ પરિચિત છો. સાહિત્ય, કલા, સંસ્કૃતિ, રાજકારણ, પ્રવાસ, રમતગમત, શિક્ષણ, ટેક્નૉલૉજી, હાસ્યલેખ અને પ્રેરક ચરિત્રો જેવા વિષયોની કેટલીય સામગ્રી અમે 'વિશ્વવિહાર'માં આપીએ છીએ. વળી ગુજરાતના આ સાંસ્કૃતિક કેન્દ્રમાં ચાલતી અને હવે પછી થનારી પ્રવૃત્તિઓની વિગતો પણ આ સામયિકમાંથી મળી રહે છે. જો તમારું લવાજમ પૂરું થઈ ગયું હોય તો વહેલી તકે લવાજમ મોકલી આપશો.

'વિશ્વવિહાર'નું **વાર્ષિક લવાજમ ૧૫૦ રૂ.** અને **ત્રણ વર્ષનું લવાજમ ૪૦૦ રૂ.** છે. આપ મનીઑર્ડરથી અથવા **ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ**ના નામે ડ્રાફ્ટ કે ચેકથી મોકલી શકશો. આપના ઉમદા સહયોગની અમે આશા સેવીએ છીએ.

### બૅંકની વિગત

A/c. Name : Gujarat Vishvakosh Trust, A/c. No. : 09330100008481

Bank Name : Bank Of Baroda, Usmanpura Branch

IFS Code : BARB0USMANP (5th Character is Zero)

લવાજમ ભર્યા પછી સંસ્થાને ઈ-મેઇલ (vishvakoshad1@gmail.com), વૉટ્સએપ (9898042699) તથા પત્ર દ્વારા અચૂક જાણ કરવી.

માતૃભાષા

# હૅટ ઉતરાવીને ગુજરાતી ભાષાને પાઘડી પહેરાવી !

**કુમારપાળ દેસાઈ**

અમારો નર્મદ ! અમારા ગોવર્ધનરામ ! અમારા ઉમાશંકર જોશી અને એમાં અમને જોવા મળે અમારી ગુજરાતી ભાષાની અસ્મિતા !

આજે ક્યાં છે ગોંડલના રાજવી ભગવતસિંહજી જેવો ગુજરાતી માટેનો ભાષા-પ્રેમ ? ઈ. સ. ૧૮૮૪માં ભગવતસિંહજીએ ગોંડલની રાજ્યસત્તા પોતાના હાથમાં લીધી હતી.

ગોંડલનરેશ ભગવતસિંહજી સગીરાવસ્થામાં જ ગાદીએ આવ્યા હતા. રાજની લગામ એજન્સીના અંગ્રેજ અધિકારીઓના હાથમાં હતી. એ સમયે બંગાળી સાહિત્યમાં બંકિમ બાબુ બંગાળી ભાષા વિશે જેવો બળાપો કાઢતા હતા, તેવી જ સ્થિતિ એ સમયના કાઠિયાવાડમાં ગુજરાતી ભાષાની પ્રવર્તતી હતી. એ સમયના અંગ્રેજી ભણેલા યુવકોને માતૃભાષામાં કશું કામ કરવું ગમતું ન હતું. જુદી જુદી વિદ્યા અંગેનાં સંમેલનો અને પરિષદોનો વ્યવહાર મોટે ભાગે અંગ્રેજીમાં જ થતો હતો. સભામાં ભાષણો કે સભાના કામની સૂચિ પણ અંગ્રેજીમાં થતી. કેટલાક એ સમયે માતૃભાષા પર બહુ રહેમ કરે તો એમની વાણીમાં ચૌદ આના અંગ્રેજી અને બાપડી ગુજરાતીનો માત્ર બે આના જ વપરાશ થતો. વળી વાતચીતમાં ક્યાંક માતૃભાષા બોલાતી હોય, પરંતુ પત્રવ્યવહારમાં તો એનો સદંતર બહિષ્કાર હતો.

એ સમયે ગોંડલનરેશ ભગવતસિંહજીએ કેટલોક સમય જ્ઞાનોપાર્જન માટે વિદેશમાં ગાળ્યો હતો. એમણે ઈ. સ. ૧૮૮૩માં અઢાર વર્ષની ઉંમરે ઇંગ્લૅન્ડના પોતાના પ્રથમ પ્રવાસનું વર્ણન કરતું અંગ્રેજી ભાષામાં પુસ્તક લખ્યું હતું. તેમની અંગ્રેજી ભાષા ઉત્તમ કક્ષાની હતી અને તેઓ લેખક ઉપરાંત અંગ્રેજી ભાષાના ઊંડા વિચારક પણ હતા.

આવા રાજવી ભગવતસિંહજીએ ગાદી પર આવ્યા બાદ પહેલું કાર્ય એ કર્યું કે એ સમયે ન્યાયખાતામાં જ્યાં જ્યાં જુબાનીઓ અને ઠરાવો અંગ્રેજી ભાષામાં લખાતા હતા, ત્યાં ત્યાં ગુજરાતી ભાષામાં જ તે દફતર લખાવાનો અને રાખવાનો આગ્રહ રાખ્યો. તેઓ ભાષાશુદ્ધિનું પણ એટલું જ ધ્યાન રાખતા. દરબારી ગૅઝેટમાં પ્રસિદ્ધ થતાં લખાણમાં કોઈ અશુદ્ધિ હોય તો તેઓ સહન કરી શકતા નહીં. આથી એનું છેવટનું મુદ્રણ થાય તે પૂર્વેના દરેક ખરડા તેઓ જાતે જોઈ જતા હતા. વળી એની ગુજરાતી ભાષામાં હ્રસ્વ, દીર્ઘની ભૂલ પણ તેઓ જાતે જ તપાસીને સુધારતા હતા. ગુજરાતી લખાણ પ્રગટ થાય ત્યારે એમાં કોઈ ભૂલ રહી ગઈ હોય તો એમને ભારે દુઃખ થતું. ભાષાનું ખૂન થયું હોય તેવો ભાવ અનુભવતા. વળી એ લખાણ શુદ્ધ અને વ્યવસ્થિત રચના સાથે ગુજરાતી ભાષામાં પ્રસિદ્ધ થાય ત્યારે જ તેમને સંતોષ થતો.



ગોંડલનરેશ ભગવતસિંહજી




ભગવદ્‌ગોમંડળ

રાજવી ભગવતસિંહજીના સમયમાં પણ સાક્ષરોમાં જોડાક્ષરના નિયમો વિશે ભારે ચર્ચા અને દલીલબાજી ચાલતી હતી. ઘણી મહેનત કરવા છતાં એનો કશો ઉકેલ મળતો નહોતો. આવે સમયે રાજવી ભગવતસિંહજીએ પોતે પોતાની રીતે એનો ઉકેલ શોધીને કામ ચલાવ્યું હતું.

સ્વભાષા કે પરભાષાના પર્યાય શબ્દનો જે પ્રમાણે ઉચ્ચાર થતો હોય તે જ પ્રમાણે લખવું એવો નિયમ એમણે સ્વીકાર્યો અને ગોંડલ દરબારી 'ગૅઝેટ'નાં લખાણો પરથી આવો નિયમ જોઈ શકાય છે. કેટલાક 'ગૅઝેટ'ને ગુજરાતીમાં 'ગેજેટ' તરીકે લખતા હતા ત્યારે શ્રી ભગવતસિંહજીએ 'ગૅઝેટ' શબ્દ પસંદ કર્યો હતો અને એ રીતે 'માસ્તર'ની જગ્યાએ 'માસ્ટર', 'સર્વેયર'ની જગ્યાએ 'સર્વેઅર', 'ટ્રાફિક'ને બદલે 'ટ્રૅફિક' અને 'જાનેવારી'ની જગ્યાએ 'જાન્યુઆરી' શબ્દ વાપરતા હતા. જે શબ્દો સ્વીકાર્યા હોય તે બધે સમાન રૂપે પ્રયોજાય એનો તેઓ અચૂક આગ્રહ રાખતા હતા.

આમ લેખનપદ્ધતિની શુદ્ધતા જાળવવા માટે તેઓ રાજવી હોવા છતાં ખ્યાલ રાખતા અને ભૂલો ન રહી જાય તે માટે જાતે જ એનાં પ્રૂફ જોતા હતા. રાજવી ભગવતસિંહજી માનતા હતા કે ગુજરાતી શબ્દોનો પૂરતો ભંડોળ આપણી પાસે છે, તો પછી અંગ્રેજી શબ્દ વાપરવાની જરૂર શી ? દરબારી માસિક પત્રિકામાં જો કોઈ અંગ્રેજી શબ્દો વાપરે, તો તેને તેઓ માતૃભાષાના દ્રોહ સમાન ગણતા હતા. એ સમયે વડોદરાનરેશ સયાજીરાવ ગાયકવાડ પણ ભાષાજાગૃતિ માટે અનેક પ્રયાસો કરતા હતા. પરંતુ એમ કહેવાતું કે શ્રી સયાજીરાવ ગાયકવાડ સંસ્કૃતમય ગુજરાતીના પૂજક હતા, જ્યારે ગોંડલનરેશ ભગવતસિંહજી સરળ ગુજરાતીના ચાહક હતા. અંગ્રેજી શબ્દ ગૅઝેટને બદલે સયાજીરાવ ગાયકવાડે 'આજ્ઞાપત્રિકા' એવો શબ્દ પસંદ કર્યો હતો, જ્યારે શ્રી ભગવતસિંહજીને 'આદેશ' એવો શબ્દ વધુ ગમ્યો હતો.

ભગવતસિંહજીએ પ્રચલિત અંગ્રેજી શબ્દોને સ્થાને પણ ગુજરાતી શબ્દો પ્રયોજવાનું પ્રજાને સમજાવ્યું. આથી જ 'નોટિસ'ને બદલે 'પ્રસિદ્ધિ', 'જેલ'ને બદલે 'સુરંગ',

'જેલર'ને બદલે 'દારોગા', 'ટ્રેઝરી'ને બદલે 'ખજાનો', 'ટ્રેઝરી ઑફિસર'ના બદલે 'ખજાનચી' અને 'પબ્લિક વર્ક્સ'ને બદલે 'બાંધકામ' જેવા સરળ ગુજરાતી ભાષાના શબ્દો વાપરવાની એમણે તાકીદ કરી. આ અંગ્રેજી શબ્દોથી ઘણા લોકો પરિચિત હતા. એને બદલે એમણે સ્વભાષાના શબ્દોથી હોદ્દાઓને અલંકૃત કર્યા. એ જમાનામાં લોકો એમ પણ કહેતા કે એજન્સી વખતની હેટ ઉતરાવીને માતૃભાષાની પાઘડી પહેરાવી.

ગોંડલના મહારાજા ભગવતસિંહજીને માતૃભાષા ગુજરાતીમાં સર્વાંગસંપૂર્ણ શબ્દકોશની ખામી ઘણા સમયથી સાલતી હતી, આથી એમણે ઈ. સ. ૧૯૧૫માં એ સમયના કોઈ પણ કોશમાં ન હોય તેવા નવીન શબ્દોનો સંગ્રહ કરવા માંડ્યો અને આવા વીસ હજાર શબ્દો એકત્રિત કર્યા. સમય જતાં આવા બે લાખ શબ્દો એકઠા થયા. મહારાજા સતત રાત અને દિવસ રાજકાર્યની વચ્ચે પણ કોશનો વિચાર કરતા હતા. એના પ્રત્યેક શબ્દને જાતે તપાસતા, એને વિશે ચર્ચા કરતા. આ માટે આવેલા સાક્ષરબંધુ અને સાહિત્યસેવીઓને પૂરતો સમય ફાળવી એમની સાથે વિચારવિમર્શ કરતા.

છવ્વીસ વર્ષની અવિરત સાધનાને અંતે ભગવદ્‌ગોમંડળની રચના થઈ. ગોંડલ રાજ્યના વિદ્યાધિકારી શ્રી ચંદુભાઈ બેચરલાલ પટેલે આમાં જીવ રેડ્યો. રોજ રાત્રે મહારાજા ભગવતસિંહજી ખુદ કોશ કચેરીમાં આવીને ચંદુભાઈ પટેલ સાથે બેસીને પ્રૂફો જોતા હતા અને અંતે બે લાખ એક્યાસી હજાર ત્રણસો સિત્યોતેર શબ્દના 'ભગવદ્‌ગોમંડળ'ની રચના થઈ. એમાં સમાવિષ્ટ શબ્દોના શબ્દ દીઠ સરેરાશ બે અર્થ એટલે કે પાંચ લાખ ચાળીસ હજાર ચારસો પંચાવન અર્થ મળે છે, અઠ્યાવીસ હજાર એકસો છપ્પન રૂઢિપ્રયોગો મળે છે. આ વિરાટ શબ્દકોશનું પુનઃપ્રકાશન પણ થયું.

એ પછી વિદેશવાસી ઉદ્યોગપતિ અને ગુજરાતી ભાષાના અનન્ય ચાહક શ્રી રતિભાઈ ચંદરયાએ નવા યુગની માગને અનુસરીને નવ ગ્રંથોમાં સમાવિષ્ટ શ્રી ભગવદ્‌ગોમંડળના ડિજિટાઇઝેશનનો વિચાર કર્યો. એના માટે એમણે અથાગ પ્રયત્નો કર્યા અને ઈ. સ. ૨૦૦૯માં દસ વ્યક્તિઓની ટીમ દ્વારા માત્ર અગિયાર મહિનામાં એના તમામ ગ્રંથોનું ડિજિટાઇઝેશન કરીને એની વેબસાઇટ તૈયાર કરી. એ પછી ૨૦૧૩માં એની મોબાઇલ ઍપ્લિકેશન બનાવી અને અત્યારે એન્ડ્રોઇડ (https://play.google.com/store/apps/details?id=com.bhagvdromandalApp) અને આઈઓએસ (https//apps.apple.com/us/app/bhagwadgomandal/id1068170549)ના પ્લૅટફૉર્મ પરથી આ ઍપ્લિકેશન ડાઉનલોડ કરી શકાય છે અને અત્યાર સુધીમાં એન્ડ્રોઇડ પર ૧૮,૭૦૦થી વધુ ઍપ્લિકેશન ડાઉનલોડ થઈ છે અને આઈએસઓમાં ૧૦૦૦થી વધુ ઍપ્લિકેશન ડાઉનલોડ થઈ છે.

આજે રોજ ૬,૦૦૦ વ્યક્તિઓ ગુજરાતી લૅક્સિકનનો ઉપયોગ કરે છે અને અત્યાર સુધીમાં ચાર કરોડ એંસી લાખ લોકોએ એનો ઉપયોગ કર્યો છે.

અભિનંદન

# માતૃભાષાના રખેવાળ

**પિંકી પંડ્યા**

૨૫ જાન્યુઆરી, ૨૦૨૬ની સાંજે કુમારપાળ દેસાઈસાહેબનો ફોન આવ્યો. સહુના પ્રિય ગુરુ એવા રતિલાલ બોરીસાગરને પદ્મશ્રી ઍવૉર્ડના સમાચાર આપ્યા. આનંદની સીમા નહોતી. સહુ કોઈ એમને ગુજરાતી સાહિત્યના ઉત્તમ હાસ્યસર્જકો પૈકીના એક તરીકે માન આપે છે. ગુજરાતના લાડીલા હાસ્યસર્જકને કેટલાક લોકો માતૃભાષાના રખેવાળ તરીકે ગુરુસ્થાને માને છે.


મારો એમને રૂબરૂ મળવાનો પ્રથમ પ્રસંગ કચ્છ ખાતે ૨૦૦૩માં ધરતીકંપ પછી શિક્ષકો માટે રાખેલ ઓરિએન્ટેશન વર્ગ વખતે થયો હતો. એમની બાજુના રૂમમાં મારો ઉતારો હતો. એ વખતે તદ્દન અપરિચિત હોવા છતાં એમણે જે ઉમળકાથી વાત કરી એથી મારા મનમાં તેમનું માનભર્યું સ્થાન સ્થપાઈ ગયું.

ત્યારબાદ એમની સાથે ૮-૯ વર્ષ પછી પરિષદ ખાતે માતૃભાષાના વર્ગો સંદર્ભે મળવાનું થયું. ગુજરાતી સાહિત્ય પરિષદના એ સમયના કારોબારી સભ્યો પૈકીના એક એવા રતિલાલ બોરીસાગરસાહેબના મનમાં માતૃભાષા માટે કાંઈક કરવાની, લોકોમાં ભાષાકીય જાગૃતિ કેળવવાની, શુદ્ધ ભાષા પ્રયોજાય એ માટેની કાંઈક યોજનાઓ રમતી હતી. રાજેન્દ્રભાઈ પટેલ અને અન્ય સભ્યો સાથે ચર્ચા થઈ હશે તે અનુસાર પરિષદમાં માતૃભાષા સંવર્ધનના વર્ગોનો આરંભ થયો. મારે તેમાં સહસંયોજક તરીકે જોડાવાનું થયું. ઉત્તમ વક્તાઓને બોલાવવા અને ભાષાવર્ગો દ્વારા સમાજને સાચી ભાષા તરફ દોરવા, એ આ વર્ગોનું પ્રયોજન. બોરીસાગરસાહેબનો આગ્રહ રહેતો કે અમે આમાંથી કાંઈ લેવા નથી માગતા, તેથી વર્ગના આયોજનની કોઈ ફી ન રાખવી અથવા અત્યંત મામૂલી ફી રાખવી, જેથી સહુ કોઈ આ વર્ગોનો લાભ મેળવી શકે.

દુર્ભાગ્યે પરિષદ અને અકાદમીના વિવાદ દરમિયાન અકાદમી દ્વારા આયોજિત શ્રી વિનોદ ભટ્ટના સન્માનના પ્રસંગે બોરીસાગરસાહેબને જવાનું થયું અને પરિષદ સાથેના તેમના નિયમિત સંબંધમાં તિરાડ પડી. તેમ છતાં તેમણે કારોબારીની બેઠકમાં જણાવ્યું હતું કે માતૃભાષાના વર્ગોમાં જ્યારે પણ બોલાવશો ત્યારે ચોક્કસ આવીશ. સ્વમાન કરતાં માતૃભાષાની ચિંતા વિશેષ કરનાર આ માયાળુ માનવીને શું કહેવું ?

ત્યાર બાદ બોરીસાગરસાહેબને વિશ્વકોશ ખાતે મળવાનું થયું. અહીં એમને માતૃભાષા સંવર્ધન કેન્દ્ર દ્વારા મોકળાશથી કામ કરવા મળ્યું. આટલા ઊંચા ગજાના સાહિત્યકાર, ભાષાના જાણકાર હોવા છતાં સ્વભાવે અત્યંત સરળ. દરેકની સાથે અત્યંત સરળતાથી, પ્રેમથી વાત કરે. સામેની વ્યક્તિમાં રહેલા ગુણને ઓળખવો અને એનો આદર કરવો - એ એમની પ્રકૃતિ. એમના આ સ્વભાવને કારણે જ એ અજાતશત્રુ બની રહ્યા છે.

તેમની સાથે વિશ્વકોશમાં માતૃભાષા સંવર્ધન કેન્દ્રમાં ભાષાસજ્જતા અંગે કાર્ય કરવાનું શરૂ કર્યું પછી માતૃભાષા માટેના લગાવ અને લગનનો વિશેષ પરિચય થયો. એમના મનમાં સતત ચાલ્યા કરે કે ભાષાના ગૌરવને વધારવા શું શું કરી શકાય?



શ્રી રતિલાલ બોરીસાગર

માતૃભાષા સંદર્ભે તેઓ હંમેશાં એક સૂત્ર કહે છે : ભાષાસજ્જતા એટલે ભાષાનાં શુદ્ધિ, શક્તિ અને સૌંદર્ય. તેથી ભાષાના વર્ગોમાં તેઓ ભાષાશુદ્ધિ સંદર્ભે વિવિધ પાયાની બાબતોની ચર્ચા કરે. આ માટે સામાન્ય રીતે નિયમોને આધારે ચર્ચા થાય. પણ તેમની અધ્યાપનની પ્રિય રીત એટલે - વર્ગમાં હાજર હોય તેમની પાસે લખાણ લખાવવાનું અને એ લખાણમાંથી પસાર થતાં જઈને તેમાં ક્યાં ભૂલ થઈ છે, કેમ થઈ છે અને તેને કેમ નિવારી શકાય તેની વાત કરવાની. ભાષણ કરવા કરતાં તેમને પ્રાયોગિક કાર્ય વધુ અનુકૂળ આવે.

ભાષાશુદ્ધિની સાથોસાથ ભાષાની શક્તિ સમજાવવા, ભાષાના સૌંદર્યને યોગ્ય રીતે માણવા કોઈ કાવ્ય, કોઈ નાટક, કોઈ વાર્તા લઈને પઠન - વાચિકમ્ કર્યા બાદ કૃતિને ખોલવાની, કૃતિના મર્મ સુધી પહોંચવામાં ભાષા કેવી રીતે ઉપયોગી બને છે તેની વાત કરવાની.

'વાત કરવાની' એટલે ખરેખર વાતો કરવાની. એટલે જ, એમના વર્ગો માત્ર વર્ગો ન બની રહેતાં ગોષ્ઠિ બની ગયા છે. કોઈ એક સર્જકની વાત કરતાં કરતાં બીજા સર્જકોની, બીજી કૃતિઓની વાત કરવાની; તેમના ભૂતકાળના રસિક અનુભવો સાંકળવાના - તેમાં પાઠ્યપુસ્તક મંડળના અનુભવો પણ હોય અને અન્ય સર્જક સાથેની વાતચીતના અનુભવો પણ હોય... આખા વર્ગમાં સતત હળવાશનો અનુભવ થાય.

સમાજ એમને હાસ્યસર્જક તરીકે માન આપે છે, પણ એ હાસ્ય કેમ સર્જી શકે છે તેનો ખ્યાલ આ વર્ગમાં આવે છે. કોઈ પણ વાત કરતાં કરતાં એવી હળવાશથી કોઈ રમૂજ આવી જાય - સાવ સહજ રીતે. એમનું હાસ્ય સદંતર સાહજિક, સાવ નિર્દંશ અને શાણપણભર્યું અનુભવાય. સાવરકુંડલાના લોકો એમને પોતાનો સરતાજ કેમ ગણે છે, તે આ વર્ગમાં બેસનારને આપોઆપ સમજાય. (અને આ નિરભિમાની માણસ એમના નામે બનેલા 'વિદ્યાગુરુ શ્રી રતિલાલ બોરીસાગર સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન'ને આગ્રહ કરીને 'વિદ્યાગુરુ સાંસ્કૃતિક પ્રતિષ્ઠાન'માં ફેરવે...)

એમને નારી પ્રત્યે વિશેષ સન્માન. 'મહિલા' જેવો માનભર્યો શબ્દ ગુજરાતી ભાષામાં છે, તેની વાત તેમણે કેટલીય વાર કરી હશે. અનુસ્વારના નિયમોમાં પણ આ જ કારણથી તેઓ બીજા કરતાં જુદા પડે છે. તેઓ કહે છે કે શબ્દ પુલ્લિંગ હોય પણ જો તેમાં સ્ત્રીસભ્યો હોય તો અનુસ્વાર મૂકવાનો. જેમ કે, 'શ્રોતા' શબ્દ પુલ્લિંગ છે. પણ 'સભામાં બેઠેલા શ્રોતાઓ ભાવવિભોર હતા.' આવા વાક્યમાં સભામાં સ્ત્રીઓ પણ હોય - એ સંજોગોમાં 'બેઠેલાં શ્રોતા' (બેઠેલાં - મિશ્ર લિંગ, બહુવચન હોવાથી અનુસ્વાર) એવો પ્રયોગ કરવો - એમ તેઓ માને છે.

**(અનુસંધાન ૧૪મા પાને)**

કલાજગત

# વર્તમાન પરંપરાના અદ્વિતીય માણભટ્ટ

મહેશ ચંપકલાલ

ઈ. સ. ૧૯૮૯-૯૦ના વર્ષમાં કેન્દ્રીય સંગીત નાટક અકાદમીની ‘યુવા રંગકર્મી યોજના’ હેઠળ નાટ્યદિગ્દર્શન માટે જ્યારે મારી પસંદગી થઈ ત્યારે ‘ત્રિવેણી’ સંસ્થાના ઉપક્રમે સિતાંશુ યશશ્ચંદ્રનું વિખ્યાત નાટક ‘ખગ્રાસ’ ભજવવાનું નક્કી કર્યું. આ નાટકમાં માણભટ્ટ-આખ્યાન પરંપરાનો સાદ્યંત વિનિયોગ થયો હોવાથી અમે માણભટ્ટની ભૂમિકા વડોદરાના વિખ્યાત માણભટ્ટ શ્રી ધાર્મિકલાલ પંડ્યાને સોંપવાનો સંકલ્પ કર્યો. તે વખતે શ્રી ધાર્મિકલાલ પંડ્યા મ્યુઝિક કૉલેજની પાસે આવેલા સુલતાનપુરામાં રહે અને હું મ્યુઝિક કૉલેજના નાટ્યવિભાગમાં ભણાવું. એટલે હું અને નાટકના સહદિગ્દર્શક પી. એસ. ચારી ધાર્મિકલાલને મળવા તેમના ઘરે પહોંચી ગયા. એ વેળા તેઓ વિવિધ શહેરોમાં પ્રેમાનંદનાં આખ્યાનો પ્રસ્તુત કરવામાં વ્યસ્ત હોઈ, વધતી જતી ઉંમરના કારણે માણભટ્ટની અતિ મહત્ત્વની ભૂમિકા ભજવવા અસંમતિ દર્શાવી, પણ વચન આપ્યું કે જે કોઈ માણભટ્ટની ભૂમિકા ભજવશે તેને માણવાદન અને આખ્યાન-ગાયકીની સંપૂર્ણ તાલીમ આપશે. તેમણે એ વચન નિભાવ્યું અને શ્રી ભગીરથ પંડ્યાને માણભટ્ટની ભૂમિકામાં તેઓ દીપી ઊઠે એવી રીતે ગાયન-વાદનમાં તૈયાર કર્યા. એ જ રીતે લગભગ ૨૭ વર્ષ પછી પ્રેમાનંદ સાહિત્ય સભા-વડોદરાના શતાબ્દી વર્ષ નિમિત્તે, ‘ત્રિવેણી’ સંસ્થાના ઉપક્રમે, ઈ. સ. ૨૦૧૬-૧૭માં, શ્રી પ્રવીણ પંડ્યાલિખિત, પ્રેમાનંદના ‘સુદામાચરિત્ર’ પર આધારિત નાટક, ‘પછી સુદામોજી બોલિયા’, શ્રી પી. એસ. ચારીના નિર્દેશનમાં સુદામાની, મારી મુખ્ય ભૂમિકા સાથે ભજવવાનું નક્કી થયું. ત્યારે પણ, નાટકમાં પ્રેમાનંદ સ્વયં આખ્યાન રજૂ કરતા હોય એવાં દૃશ્યો વણાયેલાં હોઈ તેની પ્રસ્તુતિ ફરી એક વાર શ્રી ધાર્મિકલાલ પંડ્યા, તેમના વારસાને દીપાવનાર તેમના સુપુત્ર શ્રી મયંક પંડ્યાના સહયોગથી અમારા માર્ગદર્શક બન્યા.

આવા માણભટ્ટ-આખ્યાનની વર્તમાન પરંપરાના અદ્વિતીય માણભટ્ટ શ્રી ધાર્મિકલાલ પંડ્યાનો જન્મ વડોદરામાં ૧૧ ઑગસ્ટ, ૧૯૩૨ના રોજ થયો હતો. માણભટ્ટ-આખ્યાનકલાનો વારસો તેમને એમના પિતા શ્રી ચુનીલાલ પંડ્યા પાસેથી પ્રાપ્ત થયો હતો જેઓ સ્વયં પોતાના સમયના વિખ્યાત માણભટ્ટ હતા. મૅટ્રિક સુધી પહોંચ્યા તે અરસામાં એમના પિતાશ્રીનું અવસાન થતાં ઘર ચલાવવાની જવાબદારી ધાર્મિકલાલના શિરે આવી પડી એટલે આજીવિકાના સાધન રૂપે કથાવાર્તાને સ્વીકારી, વડોદરા શહેરની વિવિધ પોળોમાં આખ્યાનકથાઓ કરવા માંડી. વડોદરાના રેડિયોસ્ટેશનના માધ્યમથી એમની એક આગવા આખ્યાનકાર તરીકેની કીર્તિ ગુજરાતમાં ચોમેર પ્રસરવા માંડી. ઈ. સ. ૧૯૫૧-’૫૨થી આ વ્યવસાયમાં પ્રવૃત્ત ધાર્મિકલાલ ગુજરાતના ગામડે ગામડે ફરી વળ્યા. તેમની માણકલાનો વ્યાપ વડોદરા, ગુજરાત સુધી સીમિત ન રહેતાં

મહારાષ્ટ્ર, આંધ્રપ્રદેશ, રાજસ્થાન, દિલ્હી અને પછી સમગ્ર ભારતમાં વિસ્તરવા માંડ્યો. ઈ. સ. ૧૯૭૯માં યુ.કે. ખાતે ધર્મ-સંસ્કૃતિના સાંસ્કૃતિક પ્રવાસે અને ઈ. સ. ૧૯૬૨માં ઝિમ્બાબ્વે અને ઝામ્બિયામાં યોજાયેલા ભજનસંમેલનમાં અતિથિવિશેષ તરીકે ગયા ત્યારે સ્વતંત્રપણે આખ્યાનના કાર્યક્રમો પણ કર્યા. ઈ. સ. ૧૯૮૨માં તત્કાલીન યુવાનેતા સંજય ગાંધીના આકસ્મિક નિધન પછી પૂર્વવડાપ્રધાન સદ્‌ગત ઈન્દિરા ગાંધીએ પોતાના પુત્રની સ્મૃતિમાં પોતાના નિવાસસ્થાને રામકથાનું આયોજન કર્યું હતું, જેમાં ગુજરાતના તે વખતના મુખ્યમંત્રી શ્રી માધવસિંહ સોલંકીના આગ્રહથી સતત ત્રણ દિવસ સુધી માણવાદન સાથે રામકથા પ્રસ્તુત કરી હતી. ઈ. સ. ૧૯૮૫થી ઈ. સ. ૨૦૧૦ - લાગલગાટ - પચ્ચીસ વર્ષ સુધી અમેરિકા અને કૅનેડા ખાતે નિયમિતપણે માણઆખ્યાન તેઓ પ્રસ્તુત કરતા રહ્યા. છેલ્લે ઈ. સ. ૨૦૧૧માં પૂ. મોરારિબાપુ સાથે શ્રીરામકથા પ્રસંગે થાઈલૅન્ડ ખાતે અને તે અગાઉ ઈ. સ. ૨૦૦૯માં નેપાળ ખાતે માણવાદન સાથે આખ્યાનોની પ્રસ્તુતિ કરેલી. પૂ. બાપુને માણ અર્પણ કરવાનો તેમણે કરેલો સંકલ્પ ઈ. સ. ૨૦૧૨માં ઉમરેઠ ખાતે યોજાયેલી, શ્રી રામકથામાં પરિપૂર્ણ થયો હતો. ત્યાર પછી તો મોરારિબાપુએ અનેક સ્થળોએ શ્રી રામકથા દરમિયાન માણનું વાદન કરતા રહી ગુજરાતની આ વિશિષ્ટ માણઆખ્યાન પરંપરાનો પરિચય વિશ્વસ્તરે શ્રોતાઓને કરાવતા રહ્યા છે.



**શ્રી ધાર્મિકલાલ ચુનીલાલ પંડ્યા**

આખ્યાન-શિરોમણિ પ્રેમાનંદે રચેલાં ૩૦થી ૪૦ જેટલાં આખ્યાનો શ્રી ધાર્મિકલાલને કંઠસ્થ છે. પ્રેમાનંદની પ્રાચીન પરંપરાને વળગી રહેવા ઉપરાંત તેઓ સાંપ્રત દેશકાળ અને લોકરુચિ વગેરેને અનુરૂપ તેમાં યોગ્ય ફેરફાર પણ કરતા રહ્યા છે. શ્રોતાગણનું આકલન કરી આખ્યાનોમાં ટુચકા, માર્મિક કટાક્ષો, વ્યાવહારિક દોરવણી વણી લેવાની એમની આગવી હથોટી છે. માણ સાથે વાદ્યોમાં હાર્મોનિયમ, વાયોલિન, મંજીરા, તબલાંનો પણ ઉપયોગ કરી લે છે. દેશનાં અન્ય રાજ્યોમાં અને વિદેશમાં ગુજરાતી ઉપરાંત હિંદી અને અંગ્રેજી ભાષામાં તેઓ આખ્યાન કરે છે જે તેમની આગવી વિશેષતા છે. ભક્તિભાવનો પ્રચાર-પ્રસાર કરવા ઉપરાંત તેમણે પોતાની આખ્યાન-કલાના માધ્યમથી જળસંરક્ષણ, પર્યાવરણસુરક્ષા, વ્યસનનાબૂદી, કોમી એખલાસ જેવા વિષયો વણી લઈ સમાજસુધારણાનું ઉમદા કાર્ય પણ કર્યું છે. આખ્યાન અને માણકલાના વિકાસ માટે ૮ થી ૯ વર્ષનો અભ્યાસક્રમ ઘડી પોતાના નિવાસસ્થાને 'શ્રી માણઆખ્યાન કલા શિક્ષણ કેન્દ્ર' ચલાવી રહ્યા છે, જ્યાં માણકલાને પૂર્ણપણે હસ્તગત કરનાર તેમના બંને સુપુત્રો પ્રદ્યુમ્ન અને મયંક નિઃશુલ્કપણે નવી પેઢીને માણઆખ્યાનકલાની તાલીમ આપી રહ્યા છે.

દિલ્હીની સંગીત નાટક અકાદમી દ્વારા પુરસ્કૃત એકમાત્ર માણભટ્ટ એવા શ્રી ધાર્મિકલાલ, શારદાપીઠના શંકરાચાર્ય દ્વારા 'કીર્તનકેસરી' અને 'માણકલા-કૌશલ' બિરુદોથી સન્માનિત થવા ઉપરાંત ગુજરાત રાજ્ય સંગીત નાટક અકાદમી દ્વારા 'ગૌરવ પુરસ્કાર', નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા તરફથી ઍવૉર્ડ, સ્વામિનારાયણ સંપ્રદાયના આચાર્ય શ્રી તેજેન્દ્રપ્રસાદ દ્વારા સન્માન, વડોદરા મ્યુનિસિપલ કૉર્પોરેશન તથા ત્રિવેણી વડોદરા દ્વારા જાહેર અભિવાદન, અમૃતા સંસ્થા, ચુંવાળ દ્વારા ઍવૉર્ડ, ગુજરાત લોકકેન્દ્ર દ્વારા ઍવૉર્ડ, પ્રેમાનંદ સુવર્ણચંદ્રક વગેરે અનેક સન્માનોથી અલંકૃત થયા છે. માણભટ્ટ-આખ્યાનની વર્તમાન પરંપરાના અદ્વિતીય માણભટ્ટ એવા શ્રી ધાર્મિકલાલ પંડ્યાને ઈ. સ. ૨૦૨૬માં ભારત સરકાર દ્વારા પદ્મશ્રીનો ખિતાબ એનાયત થઈ રહ્યો છે ત્યારે ગુજરાતના સમસ્ત કલાજગત અને વિશ્વકોશના શત શત અભિનંદન.

---

(૧૧મા પાનાનું ચાલુ)

આવી તો અનેક વાતો છે - એમના જીવંત વ્યક્તિત્વને કારણે જીવંત બની ઊઠતા ભાષાવર્ગોની. એમના હળવા સ્વભાવને કારણે જન્મતું હાસ્ય અને સાચુકલા હોવાથી જળવાઈ રહેતું ગાંભીર્ય - જેવી બાબતો એમને લોકહૃદયમાં સ્થાન આપે છે.

પદ્મશ્રીનો ઍવૉર્ડ આવા વાત્સલ્યસભર, વ્યવહાર દ્વારા જીવનનું શિક્ષણ આપી શકનાર, સાહજિક રીતે વિનોદસભર વાત માંડી શકનાર આદરણીય બોરીસાગર-સાહેબને મળ્યો છે, તેનો આનંદ છે. પણ ખાતરી છે કે આ નિખાલસ, નિરભિમાની માણસ તેમને 'મરક મરક' માટે પારિતોષિક એનાયત થયું ત્યારે 'આ નિમિત્તે હાસ્યનો મહિમા થયો તેનો આનંદ' અનુભવતા હતા તેમ આ વખતે પણ પદ્મશ્રીનો ગર્વ અનુભવવાને બદલે કશાકના નિમિત્તનો આનંદ અનુભવશે. પણ એ ખરું કે એમના પ્રત્યક્ષ અને અમારા જેવા પરોક્ષ વિદ્યાર્થીઓ તેમના આ 'પદ્મશ્રી'નો ગર્વ ચોક્કસ અનુભવશે.

---

## શ્રી ધીરુબહેન પટેલ બાળ-કિશોર સાહિત્ય કેન્દ્ર

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની યૂટ્યૂબ ચૅનલ પર દર રવિવારે સવારે ૧૦.૩૦ વાગ્યે આજનાં બાળકોને પસંદ પડે તેવું કથાવસ્તુ ધરાવતી વાર્તા પ્રસ્તુત થશે.

ફેબ્રુઆરી મહિનામાં ૧ ફેબ્રુઆરીએ 'સંતોષી શિવાય', ૧૫ ફેબ્રુઆરીએ 'બુદ્ધિશાળી કૂતરો બુઝો' વાર્તાનું લેખન અને રજૂઆત પ્રીતિ ચોકસી તથા ૮ ફેબ્રુઆરીએ 'કૂકડો બોલે તો જ સવાર પડે' અને ૨૨ ફેબ્રુઆરીએ 'તારા અને ચાંદામામા' વાર્તાનું લેખન અને રજૂઆત અલ્પા શાહ કરશે.

આ ઉપરાંત દર રવિવારે વાર્તા સાથે એક બાળગીત રજૂ કરવામાં આવશે.

દર રવિવારે ૧૦.૩૦ વાગ્યે આ બાળવાર્તાઓ યૂટ્યૂબ ચૅનલ : Gujarat Vishvakosh Trust, ફેસબુક એકાઉન્ટ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને વૉટ્સએપ નં. ૯૮૯૮૦૪૨૬૯૯ પરથી રજૂ થશે.

# છેવાડામાં કર્યો વિદ્યાયજ્ઞ

**રમેશ તન્ના**

રતનબહેન રાતડિયા અને રામભાઈ રાતડિયા ગૂજરાત વિદ્યાપીઠમાંથી શિક્ષણ પામેલું યુગલ. આ યુગલે શિક્ષણ અને ગ્રામોત્થાનક્ષેત્રે પોતાનું જીવન સમર્પિત કર્યું. હજારો વિદ્યાર્થીઓનાં જીવનમાં આ બંનેએ સ્થાપેલી 'અમર ભારતી' સંસ્થાએ અજવાળું પાથર્યું. ખાસ કરીને, કન્યાઓના કેળવણીક્ષેત્રે બંનેનું ઐતિહાસિક અને અનન્ય પ્રદાન.

રતનબહેન માનવતાનું રતન છે. રબારી-દેસાઈ-માલધારી સમાજમાં સૌપ્રથમ ઉચ્ચ-શિક્ષણ મેળવીને પીએચ.ડી. થનારાં રતનબહેને થાક્યાં વિના કેળવણીનું કામ કર્યું. વાત્રક નદીના કિનારે આવેલી 'અમર ભારતી' સંસ્થા એક તીર્થધામ જેવી છે.

એક બાજુ વહે છે, લોકમાતા વાત્રક અને બીજી બાજુ વહે છે, માતૃહૃદયા રતનબહેનના સ્નેહ અને સંવેદનાની સરવાણી. જાણે કે આ બંને ધારાઓ સમાંતર રીતે વહીને લોકકલ્યાણ કરે છે ! બંનેની ભાવના છે, પોતાનાં સંતાનો સુખી થાય, સુખી રહે. તેમનું સદાય કલ્યાણ થાય.

રતનબહેનનાં માતાનું નામ જયાબહેન અને પિતાનું નામ સુરાભાઈ પુનાભાઈ ભરવાડ. અમદાવાદમાં નવા વાડજ નામનો વિસ્તાર છે. એક જમાનામાં નવા વાડજ ગામડું હતું. ઠેરઠેર ખેતરો હતાં અને વગડો હતો. વાડજ ગામના સુરાભાઈ ભરવાડ પ્રગતિશીલ આગેવાન હતા. ૧૯૧૭થી ૨૦૦૫ સુધીનું તેમનું જીવન લોકો માટે જિવાયેલું જીવન હતું. તેઓ ઉમદા અને ઉચ્ચ વિચારધારા ધરાવતા હતા. અંધશ્રદ્ધા દૂર કરીને, કુરિવાજો છોડીને પોતાનો સમાજ પ્રગતિ કરે તે માટે તેમણે હિંમત કરીને, બહાદુરી સાથે, જોખમો લઈને અનેક સુધારણાનાં કાર્યો કર્યાં હતાં.

જયાબહેન અને સુરાભાઈને સાત સંતાનો. અમરતબહેન, રતનબહેન, ડાહીબહેન, લક્ષ્મીબહેન, શાંતાબહેન, નૂતનભાઈ અને ઘનશ્યામભાઈ. પાંચ દીકરીઓ અને બે દીકરાઓ. રતનબહેન બીજા નંબરનાં. રતનબહેનને ભણવાનું ખૂબ ગમતું. આમેય તેમના ઘરમાં શિક્ષણનું વાતાવરણ હતું. પરંપરાગત રીતે ભરવાડનું ઘર ખરું, પશુઓ પણ ખરાં, પરંપરાગત રિવાજો પ્રમાણે જીવનશૈલી અલબત્ત ખરી, પરંતુ આ પરિવાર પ્રગતિશીલ અને ઉદારમતવાદી પરિવાર હતો. અહીં દીકરા-દીકરીનો સહેજ પણ ભેદ નહોતો. સુરાભાઈ પોતાની તમામ દીકરીઓને ભણાવવા માગતા હતા. સુરાભાઈનું ઘર મોટું અને ધબકતું ઘર એટલે અનેક લોકોથી તે છલકાતું રહેતું. જુદાં જુદાં કામો લઈને લોકો આવતા. વાતો થતી, ચર્ચાઓ થતી.

એમાં એક મહેરાભાઈ માસ્તર પણ આવતા, તેઓ શિક્ષક હતા. આમ જોવા જઈએ તો સુરાભાઈની ઓળખ પણ શિક્ષકની હતી અને તેઓ સુરાભાઈ માસ્તર તરીકે લોકોમાં



ડૉ. રતનબહેન રાતડિયા

જાણીતા હતા. આપણે ચોક્કસ કહી શકીએ કે સુરાભાઈ લોકશિક્ષક હતા.

આ એ જમાનાની વાત છે જ્યારે શિક્ષણનો ખૂબ જ ઓછો પ્રસાર હતો. એમાંય ભરવાડ જ્ઞાતિમાં તો ભણતરનું ખૂબ જ ઓછું મહત્ત્વ. ભણવાની કોઈ જરૂર નથી એવું માનવામાં આવે. અને ધારો કે કોઈ સંતાનને ભણાવવું હોય તો ભૂવાને તો પૂછવું જ પડે. ભૂવો ઘઉંના દાણા લઈને વેણ અને વધાવો નાખીને ચેક કરે. જો વાયા ભૂવા માતાજી હા પાડે તો જ સંતાનને ભણવા મૂકવાનું. નહીંતર મૂકવાનો વિચાર પણ ન કરી શકાય. ડગલે ને પગલે ભૂવાને પૂછવું પડે.

જોકે રતનબહેન ભણ્યાં. એ જમાનામાં હિંમતભાઈ કપાસીએ ઉસ્માનપુરા ગામમાં વિદ્યાનગર નામની નવી નવી હાઈસ્કૂલ ખોલી હતી. રતનબહેન સાઈકલ લઈને ભણવા આવતાં. જોકે, ભરવાડની કન્યાઓ પહેરે તેવી ઘાઘરી અને પોલકું પહેરતાં. પોતાની ભરવાડ જ્ઞાતિમાં એસ.એસ.સી. થનારાં પહેલાં રતનબહેન હતાં. બારમું ધોરણ પાસ કરનારાં રતનબહેન હતાં. ગ્રૅજ્યુએટ અને પોસ્ટ ગ્રૅજ્યુએટ એટલે કે સ્નાતક અને પારંગત થનારાં રતનબહેન હતાં અને પીએચ.ડી. કરનારાં પણ તેઓ જ પહેલાં હતાં.

રતનબહેને રાજપીપળામાંથી સ્નાતક કર્યું અને પછી ગૂજરાત વિદ્યાપીઠમાંથી એમ.એડ. કર્યું. તેમણે હિન્દી વિષય સાથે એમ.એડ. કર્યું એ પછી એ. જી. સ્કૂલનાં આચાર્ય ડૉ. લીલાબહેન પટેલના માર્ગદર્શનમાં તેમણે ગોપાલનોની શૈક્ષણિક અને આર્થિક સ્થિતિ પર મહાનિબંધ લખીને પીએચ.ડી. કર્યું હતું.

* * *

૧૯૫૯માં રતનબહેન અને રામભાઈનું લગ્ન થયું. બંને શિક્ષણનો જીવ. ઉચ્ચ-શિક્ષણ મેળવેલાં. રતનબહેન તો અમદાવાદમાં શિક્ષિકા તરીકે નોકરી પણ કરતાં થઈ ગયાં હતાં. રામભાઈએ પુરાતત્ત્વ વિષયમાં ગહન અભ્યાસ કરેલો. દહેગામ તાલુકાના અંતરિયાળ મોટી પાવડી ગામમાં વારંવાર જતા. રામભાઈએ અહીં ૧૯૭૯માં આશ્રમશાળાનો પ્રારંભ કર્યો હતો. નામ આપ્યું, 'અમર ભારતી'. એ દિવસોમાં અમદાવાદમાં શિક્ષિકા તરીકે નોકરી કરતાં રતનબહેન નિયમિત રીતે આ સંસ્થામાં આવતાં, પરંતુ ૧૯૮૪ પછી તો તેઓ પણ રામભાઈની સાથે આ સંસ્થામાં પલાંઠી વાળીને બેસી ગયાં.

* * *

'અમર ભારતી' સંસ્થાનું ઘણું મોટું પ્રદાન છે. અહીં બાલમંદિરથી શરૂ કરીને છેક કૉલેજ સુધીનું શિક્ષણ આપવાની સુવિધા છે. ખાસ કરીને ગરીબ પરિવારોનાં બાળકો અહીં રહીને ભણે છે. છાત્રાલયની સુવિધા છે. એક પણ પૈસો આપ્યા વિના માતા-પિતા પોતાનાં સંતાનોને અહીં ભણાવી શકે છે. ૨૦૨૬ સુધીમાં આશરે બાર હજારથી

વધારે છોકરા અને છોકરીઓ અહીં રહીને ભણ્યાં છે. કન્યાકેળવણી માટે તો 'અમર ભારતી' મોટું સંસ્કારતીર્થ છે. આ તાલુકામાં ઉત્કંઠેશ્વર અને કેદારધામ નામનાં જાણીતાં યાત્રાધામો છે. 'અમર ભારતી' પણ એક યાત્રાધામ જ છે. એક આખું પુસ્તક લખાય એવી 'અમર ભારતી'ની કહાની છે. રતનબહેન અને રામભાઈએ ગ્રામોત્થાનનાં અનેક કાર્યો થાક્યાં વગર કર્યાં છે. પર્યાવરણ, આરોગ્ય, શિક્ષણ, અંધશ્રદ્ધા દૂર કરવી, કુરિવાજો ઓછા કરવા એમ સતત સદ્કાર્યોની હારમાળા ચાલતી જ રહી છે. બાળકો અને મહિલાઓ માટે આ સંસ્થાએ અનેક ગામોમાં રચનાત્મક કાર્યો કર્યાં છે.

'અમર ભારતી' સંસ્થામાં નિયમિત રીતે ગુજરાતના સર્વોદય અગ્રણીઓ, ગાંધીજનો, જાહેરજીવનની મુખ્ય વ્યક્તિઓ, સંતો, મહંતો, અગ્રણી વ્યક્તિઓ આવતી જ રહી છે. આ ધરતી પર સાચુકલા કેળવણીકારો અને શિક્ષણકારોનાં પગલાં પણ પડ્યાં છે. અહીં પ્રેમ, સંવેદના અને વાત્સલ્યની ધારા સતત વહેતી જ રહી છે.

રામભાઈનું નિધન વહેલું થયું. દિવસ-રાત સમાજસેવાનું કાર્ય કરતા રામભાઈને હેવી ડાયાબિટીસ હતો. વારસામાં મળેલો. ડાયાબિટીસને તેમણે મિત્ર બનાવેલો, પરંતુ એક વખત ઍટેક આવ્યો અને તેમણે વિદાય લીધી.

એ પછી રતનબહેનના મજબૂત ખભા પર એક મોટી અને પ્રતિષ્ઠિત સંસ્થાનો ભાર આવી ગયો. રતનબહેને એ જવાબદારી યોગ્ય રીતે સ્વીકારી. ૧૯૮૪થી ૨૦૨૬... ૪૨વર્ષથી રતનબહેન આ સંસ્થામાં બેઠાં છે. એક બાજુ વાત્રક નદી વહે છે ને બીજી બાજુ 'અમર ભારતી' સંસ્થા સોહે છે. અનેક પરિવર્તનો આવ્યાં છે. સંસ્થા ચલાવવાનું કામ સહેજે સહેલું હોતું નથી. આ સંસ્થા સાથે જ સ્થપાઈ હોય તેવી ગુજરાતની અનેક સંસ્થાઓએ સમાજ પાસેથી માતબર દાનો મેળવીને ખૂબ વિકાસ કર્યો છે, જ્યારે આ સંસ્થાના સંચાલકોએ ક્યારેય કોઈની પાસે દાન માટે હાથ લાંબો કર્યો નથી, નવાઈ લાગે એવી વાત છે, પરંતુ સાવ સાચી વાત છે.

'અમર ભારતી' શાળાના પરિસરમાં તમે ફરો છો ત્યારે કોઈ તીર્થધામમાં ફરતા હોવ તેવી સતત અનુભૂતિ થાય છે. કોઈ કાળે અહીં માત્ર ને માત્ર કોતરો જ હતાં. સપાટ જમીન હતી જ નહીં. એ જમીનને સમતળ કરવા સાથે સાથે આપણે કહી શકીએ કે નિરક્ષરતા, અંધશ્રદ્ધા, કુરિવાજો, ગરીબી, બેકારી અને બીજી જે અનેક સમસ્યાઓનાં કોતરો હતાં તેને પણ રતનબહેન રાતડિયાએ સમતળ કર્યાં છે.

---

## રિક્ત પાણિ :

નિરંજન ભગતસાહેબને એમના અંતિમ સમયમાં મળવાનું થતું ત્યારે કોઈ ને કોઈ પુસ્તકની કે લેખની આપલે થતી. એક વાર હું કશુંય લીધા વગર ગયો. મને ખાલી હાથે જોઈને કહે 'કેમ રાજેન્દ્ર રિક્ત પાણિ ?' આ વાતનેય કદાચ દસેક વરસ થયાં હશે. પણ, જ્યારે જ્યારે મારી પાસે કોઈ પુસ્તક કે લેખ હોતાં નથી ત્યારે ભગતસાહેબનો પેલો પ્રશ્ન ચિત્તમાં પડઘાય છે : 'કેમ રિક્ત પાણિ ?' ઘણી વાર જાત ફંફોસતાં હવે હું જ મને ભગતસાહેબનો પેલો પ્રશ્ન વારે વારે પૂછું છું, 'રિક્ત પાણિ તો નથીને ?'

**- રાજેન્દ્ર પટેલ**

સાંપ્રત

# ચાંદીની પાછળ ચીનની ચાલ

**કેયૂર કોટક**

અત્યારે વિશ્વમાં અમેરિકા પોતાની ધાક જમાવી રાખવા સંઘર્ષ કરી રહ્યું છે, તો ચીન યેનકેન પ્રકારે અમેરિકાનું સ્થાન લેવા એકથી વધારે દિશાઓમાં પ્રયાસ કરી રહ્યું છે. આ રમતનું એક પ્યાદું છે - ચાંદી! ગઈકાલ સુધી સોનાની સરખામણીમાં તુચ્છ લાગતી ચાંદીએ હાલ સોનાની ચમકને પણ ફિક્કી પાડી દીધી છે. અગાઉ કૉમોડિટી બજારમાં સોનું અને ક્રૂડની બોલબાલા હતી, પરંતુ છેલ્લાં દોઢેક વર્ષથી ચોતરફ ‘ચાંદી જ ચાંદી’ છે. એક વર્ષ અગાઉ એક કિલોગ્રામ ચાંદીનો ભાવ રૂ. ૯૫,૦૦૦ હતો. જાન્યુઆરી, ૨૦૨૬માં ભાવ વધીને રૂ. ૩.૫થી પણ વધારે થયો છે. ફક્ત એક વર્ષમાં ચાંદીના ભાવમાં ૨૫૦ ટકાનો ઉછાળો !

ચાંદીના ભાવ કયાં કારણોસર સતત વધી રહ્યા છે ? શા માટે વિયેતનામથી અમેરિકા અને બ્રિટનથી લઈને ચીનમાં લોકો ચાંદીનાં જૂનાં વાસણો અને ચીજવસ્તુઓનું વેચાણ કરી રહ્યા છે ? શા માટે અમેરિકામાં ચાંદીને ઓગાળતી રિફાઇનરીઓ રાત-દિવસ કામ કરી રહી છે ? શા માટે ચાંદીના સિક્કા બજારમાં આવવાની સાથે ગાયબ થઈ જાય છે ?

અર્થશાસ્ત્રમાં સામાન્ય નિયમ એવો છે કે, જ્યારે કોઈ ચીજની માગ વધારે હોય અને પુરવઠો ઓછો હોય, ત્યારે તેની કિંમતોમાં વધારો થાય છે. ચાંદીના પુરવઠામાં છેલ્લાં દોઢ વર્ષમાં એકાએક આટલી મોટી ખેંચ શા માટે ઊભી થઈ ? શું ચાંદીની ખાણો બંધ થઈ ગઈ છે ? જો ચાંદીની ખાણો બંધ થઈ નથી અને લોકો જૂની ચાંદી વેચી રહ્યા છે તો, સ્વાભાવિક રીતે પુરવઠો વધવો જોઈએ ને ? હાલ ચાંદી દુનિયાની ત્રીજી સૌથી કીમતી ધાતુ બની ગઈ છે.

‘ફાઇનાન્શિયલ ટાઈમ્સે’ પોતાના એક અહેવાલમાં ટેક્સાસમાં ડિલન ગેજ નામની એક રિફાઈનરીનો રિપોર્ટ રજૂ કર્યો છે. ત્યાંનો કર્મચારી કહે છે કે, તેઓ અઠવાડિયામાં ૨૪ × ૭ કામ કરી રહ્યા છે, પરંતુ જેટલી ચાંદી પિગાળે છે એટલી જ નવી ચાંદી પિગાળવા મળી જાય છે. લોકો મોટા પાયે ચાંદીનું વેચાણ કરી રહ્યાં છે.

ચાંદી સંસાધનરૂપ ધાતુમાંથી વ્યૂહાત્મક ધાતુ બની ગઈ છે. એવું નહોતું કે, અગાઉ ચાંદી મહત્ત્વપૂર્ણ ધાતુ નહોતી. અહીં સમજવું જોઈએ કે, ૨૧મી સદીના પ્રથમ દાયકા પછી ચાંદી મહત્ત્વપૂર્ણ નહીં, પણ ‘વ્યૂહાત્મક ધાતુ’ બની ગઈ છે. ચીને છેલ્લા દાયકામાં તેને ‘વ્યૂહાત્મક ધાતુ’ બનાવી દીધી છે. જ્યારે કોઈ ચીજ વ્યૂહાત્મક બની જાય છે, ત્યારે તેનું મહત્ત્વ અનેકગણું વધી જાય છે. ચાંદીને વ્યૂહાત્મક ધાતુ બનાવી છે એકવીસમી સદીના નવા વિકસતા ઉદ્યોગોએ. આ ઉદ્યોગો છે - સૌરઊર્જા અને તેમાં ઉપયોગી સૌર પૅનલો, ઇલેક્ટ્રિક કારનો આવિષ્કાર અને તેનું મોટા પાયે ઉત્પાદન, સેમિકંડક્ટરનો વધતો વપરાશ, ડેટા સેન્ટર, એઆઈ (આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ), વધુ ને વધુ ઉપગ્રહોનું નિર્માણ વગેરે. આ તમામમાં ચાંદીનો મોટા પાયે ઉપયોગ થાય છે.

ઉદાહરણ તરીકે, વધુ ને વધુ દેશો સૌર ઊર્જા તરફ વળી રહ્યા હોવાથી સૌર પૅનલોનું મોટા પાયે ઉત્પાદન થાય છે. આ પૅનલોમાં મોટા પાયે ચાંદીનો વપરાશ થાય છે. ઈલેક્ટ્રિક કારનો આવિષ્કાર અને તેનું સતત વધતું ઉત્પાદન. પેટ્રોલ અને ડીઝલથી ચાલતી કારમાં જેટલી ચાંદીની જરૂર છે તેની સરખામણીમાં બમણી ચાંદીનો ઉપયોગ ઈલેક્ટ્રિક કારમાં થાય છે. કહેવાનો અર્થ એ છે કે, એકવીસમી સદીમાં નવા વિકસેલા ઉદ્યોગો તથા સાથે સાથે ટેલિકોમ, સેમિકંડક્ટર, ઔદ્યોગિક પ્રક્રિયાઓ, ઉપગ્રહો જેવા ઉદ્યોગોને પણ ચાંદી વિના ચાલે જ નહીં. પૃથ્વી પર શ્રેષ્ઠ ઉષ્માવાહક ધાતુ ચાંદી છે. આ ઉદ્યોગો પાસે ચાંદીનો વિકલ્પ જ નથી. એઆઈ હરણફાળ ભરે છે. વિશાળ ડેટા સેન્ટરો ઊભાં થઈ રહ્યાં છે. ચીનને એકવીસમી સદીના પ્રથમ દાયકામાં જ આનો સટિક અંદાજ આવી ગયો હતો. એટલે જ એકવીસમી સદીના પ્રથમ દાયકામાં દુનિયાભરમાં દુર્લભ ધાતુઓની ખાણો પર વધુ ને વધુ કબજો કર્યો હતો અને છેલ્લા દાયકામાં ચોરપગે ચાંદી પર નિયંત્રણ સ્થાપિત કરવાની દિશામાં દોટ મૂકી હતી. જ્યારે દુનિયાને તેની ખબર પડી, ત્યારે બજારોમાં 'ચાંદી ચાંદી' થઈ ગયું.

ચીનની એકમાત્ર વ્યૂહરચના આ છે - તેને કોઈ પણ ભોગે દુનિયામાં 'એકમાત્ર મહાસત્તા' બનવું છે અને ડૉલરને સ્થાને પોતાનાં ચલણ રેનમિન્બીને સ્થાપિત કરવું છે. તેને આ ઉદ્દેશ હાંસલ કરવામાં એકમાત્ર અવરોધરૂપ અમેરિકા છે. એટલે અમેરિકાના નીતિનિર્માતાઓને તેણે એકથી વધારે દિશામાંઓમાં દોડતા કરી દીધા છે. અમેરિકા હાલ અનેક દિશાઓમાં સંઘર્ષનો સામનો કરી રહ્યું છે. બીજી તરફ ચીન શું કરી રહ્યું છે ? ચાંદીનો ખેલ.

સામાન્ય રીતે દુનિયામાં બે બજારો પ્રચલિત છે - એક, ઈક્વિટી બજાર અને બીજું, કૉમોડિટી. આપણે જાણીએ છીએ કે, ઈક્વિટી બજાર એટલે પેપર ટ્રેડિંગ. દુનિયાભરના મોટા ભાગના રોકાણકારો પેપર ટ્રેડિંગ કરે છે. પેપર ટ્રેડિંગ એટલે રોકાણકાર ઈક્વિટી બજારના કોઈ પણ માધ્યમમાં શૅર, બૉન્ડ વગેરેની ખરીદી કરે છે અને ખરીદભાવથી વધારે ભાવે તેનું વેચાણ કરીને નફો કરે છે. તેમાં મોટા ભાગના રોકાણકારો ફિઝિકલ ડિલિવરી લેતા નથી. કૉમોડિટી એટલે ચીજવસ્તુઓનું બજાર. તેને વાયદાબજાર કહેવામાં આવે છે. તેમાં પણ મોટા ભાગે ફિઝિકલ કે ભૌતિક રીતે ચીજવસ્તુઓની આપલે થતી નથી. ચાંદીનાં મુખ્યત્વે બે બજાર છે - અમેરિકાનું કોમેક્સ અને ચીનનું શાંઘાઈ. કોમેક્સ મોટા ભાગે વાયદાબજાર છે અને અહીં બહુ ઓછા લોકો ચાંદીની ડિલિવરી લે છે. શાંઘાઈ બજાર અસલી ફિઝિકલ ડિલિવરી પર ચાલે છે. એટલે ચીન દુનિયાથી તદ્દન ઊંધી રમત રમી રહ્યો છે.

જગપ્રસિદ્ધ વ્યાવસાયિક, રોકાણકાર અને 'રિચ ડેડ પુઅર ડેડ' જેવી બેસ્ટ-સેલર પુસ્તકનાં લેખક રૉબર્ટ કિયોસાકીએ ચેતવણી આપીને કહ્યું છે કે, ચીનના રોકાણકારો ચાંદીની ફિઝિકલ ડિલિવરી લઈ રહ્યા છે અને એ પણ પ્રીમિયમ એટલે કે બજારભાવથી ઊંચા ભાવે. ચીન ચાંદીનો મોટા પાયે સંચય કરી રહ્યું છે. દુનિયામાં જ્યાંથી પણ મળે ત્યાંથી ચાંદીની ભૌતિક ખરીદી કરી રહ્યું છે. અહીં પ્રશ્ન એ છે કે, ચીન તો ચાંદીના મોટા ઉત્પાદક દેશોમાં સામેલ છે, તો તે શા માટે બીજા દેશોમાંથી પણ ખરીદી કરી રહ્યું છે ?

શું તમને ખબર છે કે દુનિયામાં ચાંદીના ઉત્પાદનમાં ચીનનો હિસ્સો કેટલો છે ? ૧૩ ટકા. શું તમે જાણો છો કે, પૃથ્વીના પેટાળમાં ચાંદીનો જે ભંડોળ છે તેનો કેટલો હિસ્સો ચીનમાં છે ? ૧૧ ટકા. આ દૃષ્ટિએ વિચારો તો ચીન પાસે લગભગ દુનિયાની એક-ચતુર્થાંશ ચાંદી છે. તો ચીનના રોકાણકારો અને તેની સરકાર બીજા દેશોમાંથી ચાંદીને ખરીદીને મોટા પાયે પોતાના દેશોમાં તેનો સંગ્રહ શા માટે કરે છે ? તેનો જવાબ છે - એકવીસમી સદીના નવા વિકસતા ઉદ્યોગો, તેની અનિવાર્ય અને આવશ્યક જરૂરિયાત ચાંદી. 'ફાઇનાન્શિયલ ટાઇમ્સ' સહિત દુનિયાભરનાં લગભગ તમામ આર્થિક અખબારોએ ચેતવણી આપી છે કે, દુનિયાભરની રિફાઇનરીઓમાં હાલ જૂની ચાંદી ઓગળી રહી છે અને તેમાંથી મોટા ભાગની ખરીદી ચીન ભૌતિક રીતે કરી રહ્યું છે.

કિયોસાકીએ સ્પષ્ટપણે કહ્યું છે કે, પેપર ટ્રેડિંગ વાસ્તવિક સંપત્તિ નથી. તમારા હાથમાં જે હોય છે, જે ચીજવસ્તુને તમે હાથમાં પકડી છે, એ જ તમારી સાચી સંપત્તિ છે. એટલે જ ચીન ભૌતિક રીતે ચાંદીનો સંગ્રહ કરી રહ્યું છે. હાલ ભારત સહિત દુનિયાના મોટા ભાગના દેશો સૌર પૅનલો માટે, સેમિકંડક્ટર, ઇલેક્ટ્રિક ચિપ્સ વગેરે માટે લગભગ ચીન પર નિર્ભર છે. વળી, ઇલેક્ટ્રિક કારનું ઉત્પાદન લગભગ દરેક દેશ કરવા આતુર છે. હાલ તેમાં પણ ચીનની BYD કાર ટોચનું સ્થાન ધરાવે છે. દુનિયામાં એલન મસ્કની ટેસ્લા ઇલેક્ટ્રિક કારથી પણ વધારે વેચાણ ચીનની BYD કારનું થઈ રહ્યું છે. અધૂરામાં પૂરું, ચીને પોતાના દેશમાંથી ચાંદીની નિકાસ પર લગભગ પ્રતિબંધ મૂકી દીધો છે. ચીનમાંથી ચાંદીની નિકાસ લગભગ બંધ થઈ ગઈ છે અને નિકાસ કરવા માટે સરકારની અગાઉથી મંજૂરી અનિવાર્ય બની ગઈ છે. એટલે જ ટેસ્લાના માલિક એલન મસ્ક નારાજ થયા છે. તેમને ટેસ્લા કાર બનાવવા ચાંદીની જરૂર છે અને ચીન ચાંદીનો સંગ્રહ કરી રહ્યો છે. આ રીતે ચીન ઇલેક્ટ્રિક કારમાં પણ પોતાનો દબદબો લાંબો સમય જળવાઈ રહે તેનો માર્ગ મોકળો કરી રહ્યું છે.

કિયોસાકીનું માનવું છે કે, અગાઉ જે રીતે ચાંદીમાં જેટલો મોટો કડાકો આવ્યો હતો એવો તો નહીં જ આવે. ભાવ ઘટશે તોપણ પ્રમાણસર. આ પ્રમાણ કેટલું હશે તેનો અંદાજ પણ તેમણે જણાવ્યો નથી. એટલે ચાંદીમાં ચાંદી કરવા આતુર રોકાણકારોએ ચીનની ચાલ પર ખાસ નજર રાખવી એવી તેમની સલાહ છે.

હાલ દુનિયામાં ચાંદીનું ઉત્પાદન કરતા પાંચ દેશોનો વિચાર કરો - સૌથી વધુ ઉત્પાદન મેક્સિકો કરે છે, જે અમેરિકાની બરોબર પડખે ઉત્તર અમેરિકામાં છે. ચીન આ દૃષ્ટિએ બીજા સ્થાને છે, જે એશિયામાં છે. બાકીના ત્રણ દેશો છે - પેરુ, ચિલી અને બોલિવિયા. આ ત્રણેય દેશ દક્ષિણ અમેરિકામાં છે, જેમાં ચીને અગાઉથી જ બહુ મોટું રોકાણ કર્યું છે. જ્યારે વીસમી સદીના અંતે અને એકવીસમી સદીની શરૂઆતના બે દાયકાઓમાં અમેરિકા આખા જગતમાં ક્રૂડ ઑઇલ માટે યુદ્ધો અને સંધિઓ કરાવતું હતું, ત્યારે ચીને દુનિયાભરમાં ખાણ-ખનીજો પર પોતાનું વધુ ને વધુ નિયંત્રણ સ્થાપિત કર્યું છે. ચાંદીનું સૌથી વધારે ઉત્પાદન કરતા દેશોમાં ચીન સિવાય અન્ય ચાર દેશો અમેરિકાની નજીક છે અને ત્યાં ચીને પગપેસારો કરી દીધો છે. જ્યારે અમેરિકાને આ

**(અનુસંધાન ૨૫મા પાને)**

શબ્દાંજલિ


# રંગકર્મી રાજુ બારોટ

**દીપ્તિ જોષી**

રાષ્ટ્રીય નાટ્ય શાળા - NSDના એક ઉત્તમ શિક્ષક, મહર્ષિ નાટ્યકાર ઇબ્રાહીમ અલ્કાઝીએ જે એક કરતાં એક ચડિયાતા કલાકારો ભારતની રંગભૂમિને તથા સિનેમાજગતને આપ્યા તે કલાકાર શૃંખલામાંના એક એટલે રાજુ બારોટ.

રાજુ બારોટે NSDના અભ્યાસ દરમિયાન મેળવેલી અભિનય, દિગ્દર્શન અને સંનિવેશની વિશિષ્ટ તાલીમને સાંગોપાંગ ગુજરાતની નવી રંગભૂમિ સુધી પહોંચાડવાના સતત સંનિષ્ઠ પ્રયાસો હાથ ધર્યા હતા. પોતે બુલંદ અવાજના માલિક અને વળી એવા જ બુલંદ અવાજે ગાઈ શકનારા, સંગીતના સૂર-લય-તાલની ઊંડી સૂઝ ધરાવતા કલાકાર. એટલે જ તો એમણે નિર્દેશેલાં મોટા ભાગનાં નાટકોમાં સંગીત એ નાટ્યકૃતિનું અવિભાજ્ય અંગ બની જતું. પછી તે 'સૉક્રેટિસ' જેવું ગ્રીક નાટક હોય કે પછી 'કંચન કરશે ગામને કંચન' જેવું સિસ્ટમ સામે પ્રશ્ન ઉઠાવતું નાટક હોય. સંગીત તો અનિવાર્ય.


અભિનેતા તરીકે મંચ ઉપર તેમનું વ્યક્તિત્વ પાત્રોના વૈવિધ્ય સાથે સુમેળ સાધી લેતું. એટલે જ નાટ્યગુરુ જશવંત ઠાકર રાજુ બારોટને 'શકુંતલા' નાટકમાં દુષ્યંતના પાત્રમાં અને ભરત દવે યુરિપિડિસના 'મિડિયા' (મદિરા) નાટકમાં જયસ્વાંગના પાત્રમાં રંગમંચ પર ઉતારી શક્યા. 'દૂતવાક્યમ્'નો સુયોધન (દુર્યોધન) અને 'માનવીની ભવાઈ'નો સ્વમાની કાળુ આ બધાં જ પાત્રોના વૈવિધ્યને પોતાની અભિનયક્ષમતા થકી પ્રેક્ષકો સમક્ષ રાજુ બારોટ સફળતાપૂર્વક રજૂ કરી શક્યા. માત્ર અભિનય જ નહીં, પરંતુ દિગ્દર્શનમાં પણ એટલું જ વૈવિધ્ય. અહેમદાબાદ થિયેટર ગ્રૂપની શરૂઆતમાં જ અભિજાત જોષી દ્વારા લખાયેલ મનોવૈજ્ઞાનિક વિષયને રજૂ કરતું નાટક 'સનક' ભજવાયું. પછી તો, એક પછી એક ભિન્ન ભિન્ન વિષયો એમનાં નાટકોની વિશેષતા બની ગયા. 'મર્મભેદ' આતંકવાદીના મનોજગતને સ્પર્શતું નાટક, જ્યારે 'સાવ અમારી જાત અલગ છે' આ નાટક કોમી રમખાણોનો ભોગ બનતી અમદાવાદની પ્રજાની મનઃસ્થિતિ પ્રગટ કરે છે. નાટ્યકૃતિમાં પાર્શ્વસંગીત, પ્રકાશઆયોજન અને સેટ-ડિઝાઈનિંગ જેવાં અત્યંત આવશ્યક પાસાંઓ અંગે પણ રાજુ બારોટની એક આગવી સૂઝ અને આવડત. સામાજિક નિસબત ધરાવતા વિષયોવાળું નાટક હોય કે પછી ક્લાસિકલ-ઐતિહાસિક નાટક હોય, કલાકારોની મોટી ટીમ સાથે ધીરજ અને સરળતાથી કામ પાર પાડે. હંમેશાં પડકારરૂપ કૃતિઓ જ હાથમાં લે. 'સૉક્રેટિસ' નાટકમાં બાવન કલાકારોની ટીમ. મોટા ભાગના તદ્દન નવા યુવા કલાકારો 'દર્શક'ની ગુજરાતી ભાષાને સફળતાપૂર્વક, અર્થપૂર્ણ રીતે રંગભૂમિ પર રજૂ કરી શક્યા એ તેમની દિગ્દર્શક તરીકેની આત્મવિશ્વાસની કમાલ ! નાટકમાં સૉક્રેટિસના સમગ્ર જીવનને દર્શાવતાં અલગ અલગ દૃશ્યો સાંકળવા



રાજુ બારોટ

માટે યુવાન કવિ ચિરાગ ત્રિપાઠી પાસે ગીતો લખાવ્યાં, સંગીતબદ્ધ કર્યાં, કબીર ઠાકોરે પ્રતીકાત્મક સેટ-ડિઝાઈન ગોઠવી અને આમ એક ગ્રીક થિયેટરની ગુજરાતના પ્રેક્ષકોને અનુભૂતિ થઈ. 'દર્શક'ની નવલકથા 'સૉક્રેટિસ'નું નાટ્યરૂપાંતર ગુજરાતી રંગભૂમિ પર ભજવાય તે ભરત દવેનું સ્વપ્ન હતું, જેને મિત્ર તરીકે રાજુ બારોટે સાકાર કર્યું. 'મંજુલા' નાટક જેવી બંધારણીય વ્યવસ્થા સામે પ્રશ્નો ઉઠાવતી કૃતિ હોય કે મહિલાસરપંચની વિટંબણાઓને વાચા આપતી 'કંચન કરશે ગામને કંચન' નાટ્યકૃતિ હોય, રાજુની કાર્યશૈલીમાં આ બધા જ વિચારશીલ મુદ્દાઓનો સમાવેશ થાય. આપણા દેશનો પાણીની અછત અંગેનો મુદ્દો પણ નાટક 'વૉટર-ઓ-વૉટર' દ્વારા વિશ્વ સમક્ષ નેધરલૅન્ડના ડેનહેગ ખાતે વર્લ્ડ વૉટર કૉન્ફરન્સમાં રજૂ કરે. તદ્દન મૌલિક વિષયો પસંદ કરે. સૌમ્ય જોશી, પરેશ વ્યાસ, સ્વરૂપ ધ્રુવ વગેરે જેવા સિદ્ધહસ્ત લેખકો સાથે સંવાદ કર્યા પછી જે મૌલિક કૃતિ તૈયાર થાય તેમાં લેખકની કલમને સંપૂર્ણ ન્યાય મળે તેવો પ્રયાસ પણ કરે. શ્રીકાન્ત શાહ તેમના પ્રિય નાટ્યલેખક અને વડીલ મિત્ર પણ ખરા. વ્યક્તિના મનોવિશ્વને આવરી લેતી તેમની સાત નાટ્યકૃતિઓની રજૂઆત પણ ભરત દવે સાથે મળીને સફળતાપૂર્વક કરી. દિનકર જોશીની કૃતિ પરથી વાચિકમ્, 'ચક્રથી ચરખા સુધી'નો પ્રયોગ, દોલત ભટ્ટની સાહિત્યકૃતિનું નાટ્યરૂપાંતર 'કૈકેયી', પારુલ ખખ્ખરની વાર્તાનું નાટ્યરૂપાંતર 'બળેલ પીપળિયા', ચુનીલાલ મડિયાની નવલકથા આધારિત 'પાવક જ્વાળા' ટી.વી. ફિલ્મ, નાટ્યવિદ ગોવર્ધન પંચાલના સહયોગથી જૈન મુનિલિખિત સંસ્કૃત નાટક 'પ્રબુદ્ધ રોહિણેયમ્'નું મંચન - આ બધી જ રજૂઆતો રાજુને સાહિત્યના એક ઊંડા અભ્યાસુ તરીકે આપણી સમક્ષ ઉજાગર કરે છે.

જૂની રંગભૂમિનાં લોકપ્રિય ગીતોનો ઉપક્રમ એટલે 'તર્જે થેટર', જેના અનેક શો કરીને આજના પ્રેક્ષકોને જૂની રંગભૂમિની ભવ્યતામાં રસતરબોળ કર્યા. આ ગીતોની રજૂઆત માટે ખાસ સંશોધન હાથ ધર્યું. જૂની રંગભૂમિના કલાકારો પાસે ગીતોની તર્જ શીખ્યા. નિસર્ગ ત્રિવેદી, અર્ચન ત્રિવેદી જેવા સંગીતના અને રંગભૂમિના જાણીતા કલાકારોનો આ કાર્યમાં સાથ મેળવ્યો. હેતલ મોદી, મોસમ-મલકા મહેતા વગેરે કલાકારોની કુશળ ગાયકીએ 'તર્જે થેટર'ની રજૂઆતને અત્યંત લોકભોગ્ય બનાવી. ભારતભરનાં જુદાં જુદાં શહેરોમાં આજસુધી તેના ૧૦૦થીયે વધુ શો થયા છે. આપણી વચ્ચેથી અચાનક વિદાય લીધી ત્યારે પણ એમનો એક આગામી પ્રોજેક્ટ કે જેના પર તેઓ કામ કરી રહ્યા હતા તે અધૂરો રહી ગયો. આ પ્રોજેક્ટ એટલે પદ્મશ્રી હાસ્યલેખક શ્રી રતિલાલ બોરીસાગરસાહેબના હાસ્યલેખોને સાંકળી લેતી નાટ્યાત્મક રજૂઆત.



અનેક નાટ્યતાલીમ શિબિરો, ઉપાસના સ્કૂલ ઑફ પર્ફૉર્મિંગ આર્ટ્સ, જે. જી. કૉલેજ નાટ્ય વિભાગ – બધે જ સક્રિય રહીને અનેક યુવા કલાકારોને તૈયાર કર્યા. આમ તો એમનાં નાટકોનાં રિહર્સલ પણ તાલીમ શિબિર જ બની રહેતાં. તેમની દિગ્દર્શનની શૈલી થોડી અલગ. નાટક અંગે પ્રાથમિક ભૂમિકા અને થોડી ચર્ચાઓના અંતે કલાકારના હાથમાં સ્ક્રિપ્ટ થમાવી દે. કલાકારને પોતાની રીતે પાત્રને સમજીને આગળ વધવા દે. ક્યારેક જરૂર લાગે ત્યાં જ માર્ગદર્શન આપે. થિયેટરમાં કામ કરવા માટે તત્પર એવા કોઈ પણ યુવક-યુવતીને હંમેશાં આવકારતા, ખૂબ ધગશપૂર્વક શીખવતા અને સચોટ માર્ગદર્શન દ્વારા એક તદ્દન બિનઅનુભવી ઊભરતા કલાકારને પણ કુશળ કલાકાર તરીકે રજૂ કરી શકતા. એમના માર્ગદર્શનમાં તૈયાર થયેલા અનેક કલાકારો અલગ અલગ માધ્યમોમાં નાટક, ટીવી, રેડિયો તથા ફિલ્મક્ષેત્રે કાર્યરત છે. તેમનાં નાટકોમાં ભાગ લેનાર ગુજરાતના સિનિયર-જુનિયર અનેક કલાકારોને નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા, દિલ્હીના રંગમંચ પર પોતાનાં કલા-કૌશલ રજૂ કરવાની વારંવાર તક મળી. ૧૯૯૬માં ગુજરાત રાજ્યની સંગીત નાટક અકાદમી દ્વારા નાટ્યક્ષેત્રનો 'ગૌરવ પુરસ્કાર' અને દિલ્હીની નૅશનલ સ્કૂલ ઑફ ડ્રામા દ્વારા ૨૦૧૬માં 'બી. વી. કારંત સ્મૃતિ પુરસ્કાર' રાજુભાઈને એનાયત થયા હતા.

મોટે ભાગે શાંત રહીને કામ કરે. એ ગુસ્સે થતા ભાગ્યે જ જોવા મળે. નાટકના સંવાદમાં ભૂલ થાય તો ચલાવી લે, પણ નાટકનાં ગીતો ગાતી વખતે કલાકાર સૂર કે લય ચૂકી જાય તો એ બાબત કદીય ન ચલાવે. નાટ્યપ્રવૃત્તિ માટે દૂરદર્શનની નોકરી છોડી શકે એવો અલગારી મિજાજ. સૌનો સ્વીકાર, સૌનો આવકાર. પોતે પ્રાપ્ત કરેલી કુશળતાનો આડંબર તો ક્યારેય નહીં. વ્યક્તિ તરીકે થોડા અંતર્મુખી. પરંતુ મિત્રોની વચ્ચે સદાય ખીલતા, મોજ-મસ્તી કરતા અને કરાવતા રાજુ બારોટ ભારતની નાટ્યસંસ્કૃતિમાં એક કર્મશીલ નાટ્યકાર તરીકે હંમેશાં યાદ રહેશે.

હાસ્ય

# પતિ-પત્ની જુદા જુદા પક્ષની ટિકિટ પર ચૂંટણી લડે ત્યારે

**રતિલાલ બોરીસાગર**

ઉત્તરપ્રદેશની વિધાનસભાની ચૂંટણીમાં એક વાર એક દંપતી જુદા જુદા પક્ષની ટિકિટ પર ચૂંટણી લડ્યાં હતાં. પતિ-પત્ની સામસામે હોય એ ખરેખર તો કરુણરસની સામગ્રી ગણાય, પણ કોણ જાણે કેમ, પણ આપણે ત્યાં જ નહિ, જગતમાં સર્વત્ર આ સામગ્રી હાસ્યરસની સામગ્રી ગણાય છે. જે વાચિકા બહેન ટીવી પર આ સમાચાર વાંચી રહ્યાં હતાં તે પણ આ સમાચાર વાંચતાં વાંચતાં મલકી ગયાં હતાં. (જોકે દૂરદર્શન પર સ્મિત કરતાં રહેવું એ ફરજનો એક ભાગ ગણાય છે. કેટલાંક વરસ પહેલાં, એક વાર પ્રસારણની ખામીને કારણે, ક્રિકેટમૅચ થોડો વખત દેખાડી શકાઈ નહોતી ત્યારે એની જાહેરાત કરનાર બહેને 'હમેં ખેદ હૈ કિ હમ આપકો થોડી દેર તક ક્રિકેટમૅચ દિખા ન સકે.' - એમ કહ્યું ત્યારે એમણે પોતાનો ખેદ પણ સ્મિત કરતાં કરતાં પ્રગટ કર્યો હતો !)

ઉત્તરપ્રદેશમાં જુદા જુદા પક્ષની ટિકિટ પર ચૂંટણી લડી રહેલાં આ પતિ-પત્ની રાજકારણમાં તો સામસામે છે; પરંતુ, ગૃહકારણમાં પણ સામસામે છે કે નહિ તેની વિગત દૂરદર્શન પાસે નહોતી. વર્ષો પહેલાં એક દંપતી આ રીતે રાજકારણમાં સામસામે હતાં. એ પતિ-પત્ની હતાં સુચેતા કૃપાલાની અને આચાર્ય કૃપાલાની. આ દંપતી તો અજોડ હતાં. સુચેતાજી કૉંગ્રેસનાં મોટાં નેતા અને ઉત્તરપ્રદેશ જેવા મોટા રાજ્યનાં મુખ્યમંત્રી પણ અને કૃપાલાનીદાદા કૉંગ્રેસના કટ્ટર વિરોધી. દાદા રમૂજી પણ ભારે. એ કહેતા, 'કૉંગ્રેસને દેશ કો કાફી નુકસાન પહુંચાયા હૈ, લેકિન મુજે તો બેહદ નુકસાન પહુંચાયા હૈ. કૉંગ્રેસને તો મેરી પત્ની તક છીન લી હૈ !' સુચેતાજી અને દાદા રાજકારણમાં સામસામે હતાં પણ ગૃહકારણમાં એકરસ હતાં. સુચેતાજીના મૃત્યુ પછી દાદાએ લખ્યું છે કે, 'જીવનની અંતિમ પળોમાં દરેક હિંદુનું એક સ્વપ્ન હોય છે કે એના કિરતારનું મુખ એની સામે રહે, પણ મને લાગે છે મારા જીવનની અંતિમ પળોમાં મારી અને મારા કિરતાર વચ્ચે સુચેતાનું મુખ હશે !' ઐસા ભી હોતા હૈ !

જોકે પતિ-પત્ની ઘરમાં ને ઘર બહાર સામસામે હોય એમાં નવાઈ જેવું નથી. (એમ ન હોય તો ચોક્કસ નવાઈ પામવા જેવું ગણાય.) લગ્નની કંકોતરીનો લાલ રંગ શુભનો સંકેત છે એના કરતાંય ભયનો સંકેત વધુ છે એમ ડાહ્યા અને અનુભવી માણસો કહે છે. (જોકે આ ડહાપણ અને અનુભવ પણ લગ્ન પછી જ આવેલાં હોય છે એટલે એમને પોતાને એ કશા કામમાં આવતાં નથી અને લગ્નોત્સુક મનુષ્યો એ ડહાપણ અને અનુભવનો લાભ લેવા ઇચ્છતાં હોતાં નથી !) આપણા પ્રસિદ્ધ હાસ્યકાર વિનોદ ભટ્ટે કહ્યું છે (અલબત્ત, પરણ્યા પછી) કે - 'હસ્તમેળાપ વખતે વરકન્યાના હસ્તનો મેળાપ કરાવાય છે એ વિધિ - કુસ્તી પહેલાં બે મલ્લ હસ્તધૂનન કરે છે એ પ્રકારની ગણાય !' એક વાર હાથ મળ્યા પછીની મોટા ભાગની વાત છૂટા હાથની હોય છે ! પ્રાચીન યુગમાં

હાથ છૂટો રાખવાનો અધિકાર કેવળ પતિનો જ હતો. સમાનતાના આ યુગમાં હવે પતિ-પત્ની બંને આ અધિકાર છૂટથી ભોગવે છે - વિકસિત દેશોમાં, વિકાસશીલ દેશોમાં ને પછાત દેશોમાં સર્વત્ર !

એક પુરુષે કોર્ટમાં ફરિયાદ કરી કે મારી પત્ની હાથમાં આવે તે વસ્તુ મારા પર છૂટી ફેંકે છે. ન્યાયાધીશે પૂછ્યું કે કેટલા સમયથી આમ બને છે ? પેલાએ કહ્યું, 'નવ માસથી.' ન્યાયાધીશે આટલી મોડી ફરિયાદ કરવાનું કારણ પૂછ્યું. પેલાએ કહ્યું, 'પહેલાં એ નિશાન ચૂકી જતી હતી - હવે નિશાન લેવામાં એને બરાબરની ફાવટ આવી ગઈ છે !'

'ઘરમાં અને રાજકારણમાં બંને જગ્યાએ સામસામાં હોય તેવાં પતિ-પત્ની જુદા જુદા પક્ષની ટિકિટ પર ચૂંટણી લડે ને પતિ-પત્ની બંને ચૂંટાઈ જાય તો ઘરમાં ને ઘર બહાર સાથે રહેવું પડે ને એકબીજાનાં મોઢાં વધુ વખત જોવાં પડે એમ ન બને ?' રાજકારણમાં પડેલા એક મિત્રે મારી સમક્ષ પ્રશ્ન ઉઠાવ્યો. (આ મિત્ર નીતિનિયમ પ્રમાણે ચાલનારા સિદ્ધાંતનિષ્ઠ રાજકારણી હોવાને કારણે રાજકારણમાં પડ્યા પછી ક્યારેય ઊભા થઈ શક્યા નથી !) મિત્રનો પ્રશ્ન વાજબી છે, પરંતુ કોઈ પણ દુઃખની બીજી બાજુ સુખની હોય છે એવું તત્ત્વવેત્તાઓ કહે છે. એ રીતે આ દુઃખની પણ એક બાજુ સુખની છે જ. વિધાનસભા કે લોકસભામાં મારામારી થવી એ કંઈ હવે નવાઈની વાત નથી રહી. આવી મારામારી વખતે જુદા જુદા પક્ષની ટિકિટ પર ચૂંટાયેલાં પતિ-પત્ની પોતપોતાનો હિસાબ વસૂલ કરી શકે ! હવેનાં વર્ષોમાં રાજકારણી પતિ ડૉક્ટરને એવું કહેતો હશે કે કપાળમાં આ જમણી બાજુનો ઘા છે તે પત્નીએ ઘરમાં છૂટું વેલણ ફેંક્યું હતું તેનો છે ને ડાબી બાજુનો મોટો ઘા છે તે વિરોધપક્ષમાં હોવાથી એણે વિધાનસભામાં મારા પર છૂટું પેપરવેઈટ ફેંક્યું હતું તેનો છે !

જુદા જુદા પક્ષની ટિકિટ પર ચૂંટણી લડી રહેલાં પતિ-પત્નીમાંથી એક જીતી જાય અને એક હારી જાય તો ? એમાંય પત્ની જીતી જાય અને પતિ હારી જાય તો ? નહિ, આ કલ્પનામાત્રથી મારી બૉલપેનમાંથી રિફિલ ને મગજમાંથી વિચારો ખૂટવા માંડ્યા છે. એટલે અહીં જ અટકું !

---

**(૨૦મા પાનાનું ચાલુ)**

વાત સમજાઈ, ત્યારે મોડું થઈ ગયું હતું. એટલે અમેરિકન ઉદ્યોગપતિઓ અને હાલના રાષ્ટ્રપ્રમુખ ટ્રમ્પ વિમાસણમાં મુકાઈ ગયા છે. તેમને ઉત્તર અમેરિકા અને દક્ષિણ અમેરિકામાંથી ચીનને દૂર કરવું છે તેમજ સાથે સાથે પોતાનો કબજો જમાવવો છે. દક્ષિણ અમેરિકાના મોટા ભાગના દેશો અને મેક્સિકોના શાસકો અમેરિકાના મૂડીવાદને ધિક્કારે છે. એટલે જ અમેરિકાએ દક્ષિણ અમેરિકા ખંડના વેનેઝુએલાના શાસક નિકોલસ મદુરોને તેના જ દેશમાંથી ઉઠાવી લીધો છે. હકીકતમાં વેનેઝુએલા પાસે ક્રૂડનો ભંડાર છે, પણ અમેરિકાનો વાસ્તવિક ઉદ્દેશ છે - દક્ષિણ અમેરિકાનાં અન્ય રાષ્ટ્રોને ચેતવણી આપવાનો. અમેરિકાએ મદુરોને ઉઠાવીને દક્ષિણ અમેરિકાના અને ખાસ કરીને ચાંદીનું સૌથી વધુ ઉત્પાદન કરતા પેરુ, ચિલી અને બોલિવિયાને સંદેશ આપ્યો છે કે, જો તેઓ ચીનથી દૂર નહીં રહે તો, તેમના શાસકોના હાલ પણ આવા જ થશે.

ટેક્નૉલૉજી

# સ્કેમર્સ કૉલનો આતંક

## હર્ષ મેસવાણિયા

દેશમાં ૧૧૭ કરોડ મોબાઇલ વપરાશકર્તા છે. દેશની વસ્તી ૧૪૦ કરોડને પાર પહોંચી ગઈ છે. એમાંથી ટૅક્નિકલી માત્ર ૨૩ કરોડ લોકો પાસે જ મોબાઇલ નથી. દુનિયામાં સૌથી વધુ મોબાઇલ વપરાશકર્તાઓ ધરાવતો ભારત બીજા નંબરનો દેશ છે.

આ બાબતમાં ચીન પહેલા ક્રમે છે. ચીનમાં કુલ ઑપરેશનલ મોબાઇલ ફોનની સંખ્યા ૧૬૧ કરોડ છે અને ભારતમાં ઍક્ટિવ મોબાઇલ ફોન્સનો આંકડો છે ૧૫૦ કરોડ. ભારતમાં મોબાઇલ ફોનના વપરાશકારો દિવસે દિવસે વધતા જાય છે ને સાથે સાથે વધી રહ્યો છે સ્કેમર્સનો હાહાકાર. ભારત પર સ્કેમર્સનો ડોળો કાયમ મંડાયેલો રહે છે. વિવિધ લલચામણી ઑફર્સ આપીને છેતરવા માટે સ્કેમર્સ મોબાઇલધારકોને સતત ફોન કરતા રહે છે. કોઈ ક્રૅડિટ કાર્ડ આપવાના નામે ફોન કરે છે, તો કોઈ લોન આપવાનું બહાનું આગળ ધરે છે. કોઈ વળી ઇનામ લાગ્યું હોવાનું કહીને પૈસા તફડાવવાની પેરવી કરે છે.

તમને એવા કેટલાય ફોન આવતા હશે. ખરુંને ? જો એવા ફોન ન આવતા હોય તો તમે ખરેખર ભાગ્યશાળી મોબાઇલ વપરાશકર્તા ગણાશો, કારણ કે દેશના સરેરાશ મોબાઇલ વપરાશ કરનારને સ્કેમર્સ ત્રણ ફોન કરે છે. દુનિયાભરમાં જેમ જેમ ઑનલાઇન આર્થિક વહેવારો વધ્યા છે તેમ તેમ ઑનલાઇન ચોરોનો પણ રાફડો ફાટ્યો છે. એકેય વપરાશકારનો ડેટા દુનિયામાં ક્યાંય સલામત નથી. જેટલા વપરાશકાર કોઈ ને કોઈ ડિવાઇસ વાપરે છે તેમનો ડેટા કોઈ ને કોઈ પાસે તો સ્ટોર થાય જ છે. જ્યારે ડેટા ચોરી થઈ જાય ત્યારે એ વપરાશકર્તા પર છેતરપિંડીનું જોખમ ખડું થાય છે.

હેકર્સ ડેટા ચોરીને સાવ નજીવા ભાવે ડાર્ક વેબમાં એ ડેટા વેચી નાખે છે. સ્કેમર્સ એ ડેટા ત્યાંથી ખરીદીને સામાન્ય વપરાશકર્તાને ફોન કરતા રહે છે. ક્રૅડિટકાર્ડ આપવાના બહાને, કોઈ લૉટરી લાગી છે એની રકમ આપવાના બહાને કે પછી બીજી કોઈ લાલચ આપવાના નામે આ સ્કેમર્સ વપરાશકર્તાને ફોન કરે છે. લોકલ સર્કલના સર્વેમાં જણાયું હતું કે સરેરાશ ભારતીય વપરાશકારો પર દરરોજ ત્રણ સ્પેમ કૉલ્સ આવે છે. આવા કૉલ્સથી વપરાશકારો પરેશાન થઈ ગયા છે.

એક ફરિયાદ ટેલિકોમ કંપનીઓ તરફ પણ છે. દેશની ટેલિકોમ કંપનીઓ સર્વાધિક ફોન કૉલ્સ કરે છે. સ્પેમ કૉલ્સની બાબતમાં ટેલિકોમ કંપનીઓનો રેકૉર્ડ અત્યંત ખરાબ છે. ટ્રુકોલરે એક સ્પેમ કૉલની યાદી જાહેર કરી હતી. એમાં ૨૦ દેશોનો સમાવેશ થયો હતો. એ યાદીમાં જણાયું કે ભારતમાં ૧૦૦માંથી ૯૧ સ્પેમ કૉલ ટેલિકોમ કંપનીઓ દ્વારા આવે છે. એમાં નવા સિમકાર્ડની ઑફરથી લઈને એમએનપી કરાવી લેવાનો કે

ડેટાનો પ્રસ્તાવ હોય છે. આવા ફોન સતત ધમધમતા રહે છે. બૅન્કિંગ અને રિયલ એસ્ટેટ સેક્ટર્સ પણ સ્પેમ કૉલ કરીને ત્રાસ વર્તાવે છે.




જો આપણે સ્પેમ કૉલથી સાવધાન ન રહીએ તો નુકસાન થઈ શકે છે. ટેલિકોમ કંપનીઓ તો પોતાના પ્લાન સમજાવીને લોભાવવાની કોશિશ કરે છે, પરંતુ તે સિવાયના સ્કેમર્સ તો અનેક પ્રકારની છેતરામણી લાલચ આપીને આર્થિક ફટકો પહોંચાડવા તૈયાર બેઠા હોય છે. સ્પેમ કૉલ્સની બાબતમાં ભારત ટોપ-પમાં છે. સૌથી વધુ સ્પેમ કોલ્સ બ્રાઝિલમાં આવે છે. એ પછી પેરુ બીજા ક્રમે છે. ઇન્ડોનેશિયા ત્રીજા અને મેક્સિકો ચોથા ક્રમે છે. ભારત પાંચમા નંબરે છે. ભારતીય વપરાશકારો સ્કેમર્સ ને પ્રમોશનલ કૉલ્સ માટે સૉફ્ટ ટાર્ગેટ છે.

આમાંથી બચવા માટે ટેલિકોમ રેગ્યુલેટરી ઑથૉરિટી ઑફ ઇન્ડિયા (ટ્રાઈ) ડુ નોટ ડિસ્ટર્બ એટલે કે ડીએનડીની સુવિધા આપે છે, પરંતુ ડીએનડી કર્યા પછીય સેંકડો મોબાઇલ વપરાશકારોની ફરિયાદ રહે છે કે તેમને સ્કેમર્સ જુદા જુદા નંબરમાંથી ફોન કરે છે. પ્રમોશનલ કૉલ્સ સામાન્ય રીતે આપણને જોઈને ખબર પડી જાય, પરંતુ જેમ જેમ મોબાઇલ વપરાશકારોમાં જાગૃતિ આવતી જાય છે તેમ તેમ હવે પ્રમોશનલ કૉલ્સની સર્વિસ પણ અપડેટ થઈ છે. હવે તમને સામાન્ય લાગે એવા નંબર પરથી ફોન આવે છે એટલે ડીએનડી મારફતે એ બંધ થતા નથી.

લોકલ સર્કલ્સના સર્વેમાં તો ત્યાં સુધી કહેવાયું હતું કે ૩૯ ટકા વપરાશકારોને દરરોજ પાંચથી વધુ ફોન કૉલ્સ આવે છે. જેમ જેમ તમારા નંબરનું અનેક સ્થળોએ રજિસ્ટ્રેશન વધે છે તેમ તેમ ફોન અને મૅસેજનું પ્રમાણ વધી જાય છે. ત્રણ ટકા મોબાઇલ વપરાશકારોને તો દિવસના ૧૦-૧૦ ફોન આવે છે. ૪૮ ટકા લોકોએ સર્વેમાં એવો દાવો કર્યો હતો કે સ્પેમ કૉલ એવા નંબર પરથી આવે છે કે જે પર્સનલ ફોન હોય એવું લાગે છે ને એટલે અજાણ્યા ફોન ઉઠાવવા પડે છે.

આવા ફોન કૉલ્સ ટાળવા માટે બધા મોબાઇલ સેટિંગ્સમાં ઑપ્શન્સ આવતા હોય છે અને ડીએનડીની સુવિધા પણ ઍક્ટિવ કરી શકાય છે. છતાં એ સંપૂર્ણપણે અટકતા નથી. હા, એનું પ્રમાણ ઘટી જાય છે. ભારતમાં ટ્રાઈ હજુય એ દિશામાં કામ કરે છે ને લોકો અનવૉન્ટેડ કૉલ્સથી બચી શકે તે માટે કોઈ મજબૂત વિકલ્પ શોધે છે. પ્રમોશનલ કૉલનું પ્રમાણ વધ્યું છે તે જોતાં કોઈ ચોક્કસ પદ્ધતિ વિકસાવવી જરૂરી છે કારણ કે ભારત ઑનલાઇન આર્થિક વહેવારોમાં સૌથી આગળ છે ત્યારે સાઇબર સુરક્ષા ખૂબ અનિવાર્ય થઈ પડે છે.

ગ્રંથગરિમા

# આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી : માતૃભાષા ગુજરાતીમાં અવતરણ


ડૉ. રવીન્દ્ર ખાંડવાળા

આદિ શંકરાચાર્યજીના સમગ્ર ગ્રંથો સંસ્કૃતમાં, અંગ્રેજીમાં કે હિન્દીમાં એકસાથે ઉપલબ્ધ થાય છે, પણ એવી કોઈ સમગ્ર ગ્રંથાવલી માતૃભાષા ગુજરાતીમાં ન હતી તેને માટે શ્રી સંસ્કૃત સેવા સમિતિ ટ્રસ્ટે ૨૫ વર્ષ પૂર્વે આયોજન કર્યું અને લગભગ વર્ષ ૨૦૦૦થી આરંભી ૨૦૧૨ સુધીમાં 'આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી'ના ૧૨ ભાગ ગુજરાતી ભાષામાં અનુવાદ કરાવી પ્રકાશિત કરવામાં આવ્યા. પછી વખતોવખત એમાંના કેટલાક ગ્રંથો પુનઃમુદ્રિત પણ થયા. ઘણા સમયથી સંસ્કૃત સેવા સમિતિનાં આ પ્રકાશનો અપ્રાપ્ય બની ગયાં હતાં. હવે આનંદ અને ગૌરવની વાત એ છે કે, ગુજરાતને સસ્તું અને સારું સાહિત્ય આપવાનું અભિયાન જેમણે ૧૦૦ વર્ષોથી પણ પૂર્વેથી આરંભ્યું હતું એવી દિવ્ય વિભૂતિ ભિક્ષુ અખંડાનંદજી દ્વારા સ્થાપિત સસ્તું સાહિત્ય મુદ્રણાલય ટ્રસ્ટે આ 'આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી'નું શેષ અન્ય ત્રણ ગ્રંથોના ગુજરાતી અનુવાદ ઉમેરીને કુલ ૧૫ ભાગમાં પુનઃમુદ્રણ કર્યું છે.


દેવભાષા સંસ્કૃતમાં જ્ઞાનના હિમાલય સમા આદિ શંકરાચાર્ય દ્વારા રચાયેલું સમગ્ર સાહિત્ય માતૃભાષા ગુજરાતીમાં અવતરણ કરાવવાનું ભગીરથ કાર્ય અનંતશ્રી વિભૂષિત વેદદર્શનાચાર્ય મહામંડલેશ્વર બ્રહ્મલીન સ્વામી શ્રી ગંગેશ્વરાનંદજી મહારાજ ઉદાસીનના કૃપાપાત્ર, સંસ્કૃત ભાષા-સાહિત્યના આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત રાષ્ટ્રપતિ દ્વારા પુરસ્કૃત વરિષ્ઠ વિદ્વાન, સંસ્કૃત સેવા સમિતિના આદ્યસ્થાપક અને અધ્યક્ષ, ગુજરાત સંસ્કૃત સાહિત્ય અકાદમીના પ્રથમ અધ્યક્ષ ડૉ. ગૌતમભાઈ પટેલ દ્વારા સંપન્ન થયું છે. ૯૦મા વર્ષે પણ એમના દ્વારા સંપાદિત આ મહનીય સંપાદનકાર્ય માતૃભાષા ગુજરાતીમાં અનુવાદિત થયેલાં કાર્યોમાં ઐતિહાસિક અને સીમાચિહ્નરૂપ બન્યું છે.

આદિ શંકરાચાર્યે મધ્યકાલીન ભારતમાં જે સાંપ્રદાયિક આંતરિક વિખવાદો અને બાહ્ય આક્રમણથી મૃતપ્રાય બની ગયેલી ધાર્મિક, આધ્યાત્મિક અને સામાજિક ચેતનાને પુનઃજાગૃત કરી તેમાં નવા પ્રાણ પૂર્યા અને નવજીવન બક્ષ્યું. તેઓએ માત્ર ૩૨ વર્ષના આયુષ્યમાં પ્રમુખ ઉપનિષદો, બ્રહ્મસૂત્ર અને શ્રીમદ્ ભગવદ્ગીતા - પ્રસ્થાનત્રયી પર ભાષ્યો રચી કેવલાદ્વૈતની સ્થાપના કરી. તત્કાલીન ભારતને ચાર દિશામાં ચાર મઠની સ્થાપના કરી એકત્વ બક્ષ્યું. આ ઉપરાંત શ્રુતિસંમત કેવલાદ્વૈત વેદાંત લોકભોગ્ય પણ બને, રસિક બને, આકર્ષક બને અને આમજનતાના હૃદયમાં સારી રીતે સંગૃહીત થાય એ માટે કાવ્યમય શ્લોકબદ્ધ કેટલાક પ્રકરણગ્રંથોની રચના કરી. એમાં 'વિવેકચૂડામણિ', 'સર્વવેદાંતસિદ્ધાંતસાર સંગ્રહ', 'આત્મબોધ', 'અપરોક્ષાનુભૂતિ' જેવા ગ્રંથોનો સમાવેશ થાય છે. સામાન્ય માણસ ભક્તિ દ્વારા જ્ઞાનના માર્ગે આગળ વધી શકે તે

માટે 'પંચ દેવ ઉપાસના પદ્ધતિ'નું પ્રવર્તન કરાવીને પ્રત્યેક દેવ-દેવીઓનાં હૃદયંગમ ભક્તિસભર સ્તોત્રોની રચના કરી, જે ગાવામાં સરળ અને અર્થમાં ગહન છે. આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલીમાં 'સ્તોત્રાવલી' શીર્ષક હેઠળ તેમનું સમસ્ત સ્તોત્રસાહિત્ય શબ્દાર્થ અને ગુજરાતી ભાષાંતર સાથે પ્રકટ કરવામાં આવ્યું છે. 'ભજગોવિંદમ્' કે 'ચર્પટ પંજરિકા સ્તોત્રમ્' હોય, 'ભવાન્યષ્ટકમ્' હોય કે 'કનકધારાસ્તોત્ર' હોય કે પછી દાર્શનિક ચમકારાવાળું 'આત્મષટકમ્' હોય - આ બધું જ હવે એક જ ગ્રંથાવલીમાં સુલભ બન્યું છે. તો વળી માતૃભાષા ગુજરાતીમાં સૌપ્રથમ વાર શાક્તાગમનો મહત્ત્વપૂર્ણ એવો 'પ્રપંચસારતન્ત્ર' ગ્રંથ ડૉ. ગૌતમભાઈ પટેલે ડૉ. રવીન્દ્ર ખાંડવાળા અને ડૉ. નિરંજના વોરા પાસે અનુવાદિત કરાવ્યો છે.



ડૉ. ગૌતમભાઈ પટેલ




૫. પૂ. ભિક્ષુ અખંડાનંદજીએ મૂલ્યનિષ્ઠ અને જીવનલક્ષી વાંચનની દૃષ્ટિએ દાયકાઓથી બૃહદ્ ગુજરાતનાં હજારો કુટુંબોમાં સ્વજનસમા બની ગયેલા સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયની સ્થાપના ઈ. સ. ૧૯૦૭માં કરેલી. આજે ૧૧૮ વર્ષ પૂરાં કરી ૧૧૯મા વર્ષમાં આ ટ્રસ્ટે પ્રવેશ કર્યો છે. ગુજરાતની ધર્મપ્રિય, અધ્યાત્મપ્રિય જનતાની વાંચનવૃત્તિ વધે અને વિસ્તરતી જાય એવો આ સંસ્થાનો સતત પ્રયાસ રહ્યો છે. ચારિત્ર્યઘડતર અને સ્વાસ્થ્ય-સંરક્ષણ માટે આજ સુધી ૮૫૦થી પણ વધુ મૂલ્યવાન ગ્રંથો આ સંસ્થાએ પ્રકાશિત કર્યા છે. આ અદ્ભુત પ્રકાશનની પરંપરામાં ડૉ. ગૌતમભાઈ પટેલના પ્રધાન સંપાદન હેઠળ 'આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી' માતૃભાષા ગુજરાતીમાં ૧૫ ભાગોમાં અવતરણ પામી. આમાં સ્વ. નીલમબહેન પટેલ, સ્વ. ડૉ. આર. ટી. વ્યાસ, ડૉ. ઊર્મિ શાહ, ડૉ. રવીન્દ્ર ખાંડવાળા અને ડૉ. નિરંજના વોરાએ અનુવાદક તરીકે સહયોગ મળ્યો છે.

તા. ૧૫મી જાન્યુઆરી, ૨૦૨૬ના રોજ ટાગોર હૉલ, અમદાવાદ ખાતે કેન્દ્રીય ગૃહમંત્રી અને સહકારમંત્રી આદરણીય શ્રી અમિતભાઈ શાહના હસ્તે શ્રી સુરેશ સોનીજી, મેયરશ્રી પ્રતિમા જૈન તથા પદ્મશ્રી કુમારપાળ દેસાઈ, પદ્મશ્રી તુષાર શુક્લ, ગુજરાત સાહિત્ય અકાદમીના અધ્યક્ષ શ્રી ભાગ્યેશ જહા તથા અમદાવાદના પ્રબુદ્ધ નાગરિકોની ઉપસ્થિતિમાં 'આદિ શંકરાચાર્ય સમગ્ર ગ્રંથાવલી'નું લોકાર્પણ કરવામાં આવ્યું.

નવું પ્રકાશન

# ‘આનંદભૂમિના ઉદ્‌ગાતા સંત જ્ઞાનદેવ’

## સંજય સ્વાતિ ભાવે

‘આનંદભૂમિના ઉદ્‌ગાતા સંત જ્ઞાનદેવ’ પુસ્તકમાં નીલાબહેન જોશીએ મહારાષ્ટ્રના સંત જ્ઞાનેશ્વરના ચિંતનનું વિવરણ કર્યું છે. નિવેદનમાં તેમણે લખ્યું છે : ‘જ્ઞાનેશ્વરી અને જ્ઞાનદેવની અન્ય કૃતિઓને આધારે કરેલા સંશોધનને સંક્ષિપ્ત રૂપમાં રજૂ કરું છું ત્યારે એક બાબત તરફ ધ્યાન દોરવા ઇચ્છું છું. સંપ્રદાયોના વિધિનિષેધોમાંથી નીકળીને શુદ્ધ બુદ્ધિથી સત્યાચરણ તરફ દોરતા જ્ઞાનદેવનો પરિચય આપવાનો અહીં પ્રયત્ન છે. વાગ્યજ્ઞ પૂરો કરીને સમાજના કચડાયેલા લોકોના ન્યાય માટે વિશ્વરાય પાસે કશુંક માગતાં જ્ઞાનદેવનો પરિચય આપવાનો અહીં પ્રયત્ન છે.’

તત્ત્વજ્ઞાન વિષયનાં પૂર્વઅધ્યાપક નીલાબહેને તેમના ડૉક્ટરલ થીસિસ તરીકે ‘જ્ઞાનદેવની ધર્મમીમાંસા’ વિષય પર કરેલા સંશોધનનું સંવર્ધિત સ્વરૂપ આ પુસ્તકમાં છે. સંશોધન-માર્ગદર્શક જયેન્દ્રકુમાર યાજ્ઞિક પ્રાક્કથનમાં નોંધે છે : ‘નીલાબહેને તેરમી સદીમાં જૂની મરાઠી ભાષામાં થયેલા ચિંતનનું સંશોધન કરીને તેની અર્વાચીન ગુજરાતીમાં સુબોધ રજૂઆત કરી છે.’ આશીર્વચનમાં વિમલાતાઈ ઠકાર કહે છે : ‘નીલાબહેને અત્યંત પ્રાંજલ શૈલીમાં શ્રી જ્ઞાનદેવની ધર્મમીમાંસા વિશદ કરી છે.’ તેઓ એમ પણ જણાવે છે કે, ‘શ્રી જ્ઞાનરાયાએ કરેલા મધુરાદ્વૈતનો મર્મ નીલાબહેને આબાદ પકડ્યો છે.’

તેરમી સદીના સંત જ્ઞાનેશ્વરના જીવન અને કવનની વિગતવાર છણાવટ સંશોધક પુસ્તકના આરંભે કરે છે. ‘જ્ઞાનદેવનાં કવન જેટલું જ તેનું જીવન રોમાંચક છે’, એમ કહીને તેઓ ‘સમાજ જે સંન્યાસીપુત્રને જન્મવાનો જ અધિકાર નથી એમ કહેતો તેવા જ્ઞાનદેવની અસ્તિત્વલક્ષી સમસ્યા’ની તીવ્રતાની નોંધ લે છે. વિષયપ્રવેશ પછીના ત્રણ વિભાગો જ્ઞાનદેવની તત્ત્વમીમાંસા, તેમના ધાર્મિક જીવનનું વિશ્લેષણ અને તેમના રહસ્યવાદ તેમ જ માનવતાવાદ વિશેની છે. છેલ્લા પાંચમા વિભાગના એક પ્રકરણમાં જ્ઞાનદેવનું પ્લેટો સાથે અને બીજામાં નરસિંહ મહેતા સાથે તુલનાત્મક અધ્યયન છે.

વિષયપ્રવેશ કરાવવા માટે પહેલા ભાગમાં લેખિકા જ્ઞાનદેવનું મહારાષ્ટ્રમાં સ્થાનનું અને તેમના સમયના મહારાષ્ટ્રનું વર્ણન કરે છે. સૈકાઓ વીત્યા પછી પણ તેમની જન્મભૂમિમાં ‘જ્ઞાનદેવ હજુ હયાત હોય એટલી જીવંત રીતે સ્થિર છે’ એમ કહીને લેખિકા જ્ઞાનદેવનાં પોતાનાં અને તેમના વિશેનાં ગીતો, અભંગો તેમ જ કૃતિઓને મરાઠી લોકો કેવી રીતે માણે છે તે જણાવે છે. અભિવ્યક્તિ માટે સંસ્કૃતને બદલે જ્ઞાનદેવે

તેમના સમયમાં પ્રતિષ્ઠિત થઈ ચૂકેલી ‘અમૃતને ય સહેજે માત કરે’ તેવી મરાઠી ભાષાને કેમ પસંદ કરી તે ઉપસાવવાની સાથે લેખિકા જ્ઞાનદેવ સહિત અનેક મરાઠી સંતોના સાહિત્યમાં પ્રયોજાયેલ પદ્યસ્વરૂપ ‘ઓવી’ વિશે સમજાવે છે. તેઓ નોંધે છે : ‘ઓવી ગાઈ પણ શકાય એવો, પદ્ય અને ગદ્ય બંનેની ગરજ સારે એવો કાવ્યપ્રકાર છે. તેને ઝડપથી વાંચી શકાય છે એ તેની વિશેષતા છે. સંત નામદેવ કહે છે કે એક ઓવીનો અનુભવ તો લઈ જુઓ ! જ્ઞાનદેવની કમાલ આ ઓવીઓમાં છે.’ લેખકના અભ્યાસનો મુખ્ય આધાર ઓવીઓમાં લખાયેલો ‘જ્ઞાનેશ્વરી’ ગ્રંથ હોવાથી સ્વાભાવિક રીતે અનેક જગ્યાએ તે ગ્રંથમાંથી ઓવીઓ ટાંકે છે, તે પણ ગુજરાતીમાં ! તેમનો સ્રોત કિશનસિંહ ચાવડાએ જ્ઞાનેશ્વરીનો કરેલો ઓવીબદ્ધ અનુવાદ છે, જે પોતાની રીતે ગુજરાતી ભાષાનું એક ઘરેણું છે. મરાઠી ઓવી અને કિસનસિંહે કરેલા તેના અનુવાદનો એક નમૂનો જોઈએ :




| | |
|---|---|
| मनाचे मनपण गेले, | મનનું મનપણું લોપ્યું, |
| जेथ बोलाचे बोलपण ठेले, | શબ્દનું બોલવું જ થંભ્યું, |
| ज्यांमाजी सांपडले, | અને જેમાં મળી આવ્યું, |
| ज्ञेय दिसे | જ્ઞેય દિસે. |

જ્ઞાનદેવના નામે ગણાવવામાં આવતી પચીસેક કૃતિઓમાં જે સર્વાનુમતે સ્વીકારાઈ છે તેમનો પરિચય વિષયપ્રવેશના પહેલા વિભાગમાં મળે છે. આ કૃતિઓ છે : યોગવશિષ્ઠ, ચાંગદેવપાસષ્ઠિ, અમૃતાનુભવ, જ્ઞાનેશ્વરી અને અભંગો. ત્યાર પછી ‘જ્ઞાનદેવ અને સંપ્રદાયો’ મથાળા હેઠળ મહારાષ્ટ્રના સંપ્રદાયોનું એક કોષ્ટક મળે છે. તેની સાથે નાથપંથ અને વારકરી સંપ્રદાય વિશે સહેજ વિગતે માહિતી મળે છે. તેનું કારણ આપતાં લેખિકા જણાવે છે કે જ્ઞાનદેવ નાથસંપ્રદાયના જ્ઞાન અને આચારના વારસાને ઝીલીને તેમાં મૌલિક જ્ઞાન અને આચારને ભેળવતા ગયા. તેમાંથી વારકરી સંપ્રદાય ઉદ્ભવ્યો.

‘તત્ત્વમીમાંસા’ નામના બીજા વિભાગમાં ઈશ્વર, અનિષ્ટ, જગત અને આત્મા પરનાં પ્રકરણો છે. બીજો વિભાગ ‘ધાર્મિક જીવનનું વિશ્લેષણ’ જ્ઞાનેશ્વરના જીવન-કવનની પાંચ બાબતોને આવરી લે છે – સકળધર્મ સંકલ્પના, જ્ઞાનમાર્ગ, કર્મમાર્ગ, ભક્તિમાર્ગ અને વૈરાગ્યની ભાવના. બારમું અને તેરમું પ્રકરણ અનુક્રમે જ્ઞાનદેવના રહસ્યવાદ અને માનવતાવાદ વિશે છે.

પુસ્તકના છેલ્લેથી બીજા એટલે પંદરમા પ્રકરણમાં લેખિકાએ ‘આદર્શ સમાજરચનાના પ્રયત્નો કરનારા બે રહસ્યવાદી ચિંતકોની વિચારસરણી નાણી જોવાનો

પ્રયત્ન કર્યો છે'. પ્લેટો અને જ્ઞાનેશ્વરની સરખામણીનો અવકાશ લેખિકા વિલિયમ જેમ્સના વિચારમાં જુએ છે. જેમ્સની માન્યતા મુજબ 'એક જ સદીમાં બે રહસ્યવાદી ચિંતકો એકસાથે મળવા લગભગ અશક્ય હોય છે. ભાગ્યે જ કોઈને થતો હોય તેવો અપરોક્ષાનુભૂતિનો અનુભવ આનું કારણ છે. આથી કેટલીય સદીઓનો ગાળો વચ્ચે કેમ ન હોય, બે રહસ્યવાદીઓ હોય તો તેમની સરખામણી થઈ શકે.' લેખિકા બંને ચિંતકો વચ્ચે જગત, ઉત્તમ માનવ, સમાજના વર્ગો અને વર્ણો, આત્મતત્ત્વનો વિકાસ અને અધ્યાત્મિક જ્ઞાન એવા વિષયો પરનું સામ્ય વિશદ કરે છે. 'જ્ઞાનદેવ અને નરસિંહ મહેતા સંતકવિઓ છે. મહારાષ્ટ્રના લોકો જ્ઞાનદેવનાં ભક્તિકાવ્યો જેટલી ભાવુકતાથી માણે છે, તેટલી જ ભાવુકતાથી નરસિંહનાં પ્રભાતિયાંને ગુજરાતના લોકો માણે છે.' આવા પ્રારંભ સાથે લેખિકા બંને કવિઓની સરખામણી કરે છે. તેઓ ઈશ્વર, આત્મા, કર્મ, ભક્તિ અને સામાજિક સમાનતા તરફના અભિગમ સંદર્ભે તુલના કરે છે.

ગુજરાતના સાક્ષર યશવંત શુક્લનાં સાહિત્ય-કલા-નાટ્યરુચિસંપન્ન દીકરી નીલાબહેનને જ્ઞાનેશ્વરીમાં રસ પડ્યો તેનું કારણ કૌટુંબિક છે. તેમણે ગુજરાતમાં વસેલા પણ મૂળ કોલ્હાપુરના પ્રબુદ્ધ મરાઠી પરિવારના અંગ્રેજીના અધ્યાપક જયંત જોશીની સાથે લગ્ન કર્યાં. તેમના સસરા પ્રા. રઘુનાથ જોશીનો જ્ઞાનેશ્વરી માટેનો 'અહોભાવ જોઈને એ પુસ્તક વિશે કુતૂહલ જાગ્યું.' નીલાબહેન સંભારે છે : 'શાંત પ્રકૃતિના અભ્યાસુ પૂ.પપા (સસરા) શં. વા. દાંડેકરની જ્ઞાનેશ્વરી વાંચીને ધીમા લયમાં તાળી પાડીને ડોલતા હોય એ ચિત્ર આંખ સમક્ષ તરવરે છે.'

જ્ઞાનેશ્વરી વાંચતાં નીલાબહેને 'અગાધ લાવણ્યભંડાર એવી ઓવીઓનો' આનંદ માણ્યો. તેમાં રહેલું વાણીનું બળ, વિચારોની ગહનતા, અભિવ્યક્તિની સહજતા અને સૌંદર્ય તેમને પ્રભાવિત કરી ગયાં. જોકે તેમને જ્ઞાનેશ્વરીમાંથી 'નીતરતો અગાધ પ્રેમ' સૌથી વધારે સ્પર્શી ગયો એમ નોંધીને તેઓ લખે છે : 'આપણે જેને વેદનાગ્રસ્ત, સંઘર્ષમય અને પ્રતિકૂળ પરિસ્થિતિ કહીએ તેને પચાવીને પ્રગટ થતો આ પ્રેમ આપણને વિસ્મિત કરી મૂકે છે.'

આ પુસ્તકના 'પ્રકાશકીય'માં કુમારપાળ દેસાઈએ લખ્યું : 'આ ગ્રંથમાં ક્રાંતિકારી કવિ શ્રી જ્ઞાનદેવની ધર્મ-મીમાંસાનું આલેખન કરવામાં આવ્યું છે અને એમાંથી જ્ઞાનદેવની સંત-પ્રતિભાનું દર્શન થાય છે. જ્ઞાનદેવ અને તેમની અન્ય કૃતિઓને આધારે સંશોધન કરવા ઉપરાંત અહીં તુલનાત્મક દૃષ્ટિએ પણ જ્ઞાનદેવના વિચારોની ચર્ચા કરી છે. સવિશેષે પ્લેટો અને નરસિંહ મહેતા સાથેના જ્ઞાનદેવના વિચારોનો તુલનાત્મક અભ્યાસ એક નવી દિશા ચીંધનારો બની રહેશે.' ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટની સમૃદ્ધ પ્રકાશન પ્રવૃત્તિની ધર્મ-તત્ત્વ-દર્શન ગ્રંથશ્રેણીમાં પ્રથમ પુસ્તક તરીકે 'આનંદભૂમિના ઉદ્‌ગાતા સંત જ્ઞાનદેવ' ૨૦૧૮માં થયેલાં પુનર્મુદ્રણ બાદ હવે વિશ્વકોશ ટ્રસ્ટ તેની નવી આવૃત્તિ પ્રગટ કરી રહ્યું છે તે હકીકત પુસ્તકની મહત્તા સૂચવે છે.

વિશ્વકોશવૃત્ત

# આગામી કાર્યક્રમો

## ઓનલાઇન કાર્યક્રમ

### શ્રી ભદ્રંકર વિદ્યાદીપક જ્ઞાન-વિજ્ઞાન વ્યાખ્યાનશ્રેણી

**◈ ૧૧ ફેબ્રુઆરી, ૨૦૨૬, બુધવાર : સાંજના ૫-૩૦**

છેલ્લાં ચાળીસ વર્ષથી સિનિયર સિટીઝનો માટે કૅલિફૉર્નિયાના જેરિયાટ્રિક્સના નિષ્ણાત ડૉ. જયેશ શાહ સાથે કુમારપાળ દેસાઈનો વાર્તાલાપ.

**◈ ૨૫ ફેબ્રુઆરી, ૨૦૨૬, બુધવાર : સાંજના ૫-૩૦**

વિષય : ટ્રોમા અને સાહિત્ય

વક્તા : શ્રી ભરત મહેતા

### રસિકલાલ છો. પરીખ વ્યાખ્યાનમાળા

**◈ ૨ ફેબ્રુઆરી, ૨૦૨૬, સોમવાર : સાંજના ૫-૩૦**

વિષય :  નિરંજન ભગતની કવિતામાં પ્રતીકોનો ઉપયોગ

વક્તા : શ્રી ઉષા ઉપાધ્યાય

## ઓફલાઇન કાર્યક્રમ

### માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

**◈ ૧૨ ફેબ્રુઆરી, ૨૦૨૬, ગુરુવાર : સાંજના ૫-૦૦**

વિષય : શ્રી પન્નાલાલ પટેલલિખિત 'વાત્રકને કાંઠે' વાર્તાનો આસ્વાદ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર

**◈ ૨૭ ફેબ્રુઆરી, ૨૦૨૬, શુક્રવાર : સાંજના ૫-૦૦**

વિષય : શ્રી પન્નાલાલ પટેલલિખિત 'વાત્રકને કાંઠે' વાર્તાનો આસ્વાદ

વક્તા : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

### કવિ શ્રી નિરંજન ભગત શતાબ્દી-વર્ષે

**◈ ૧ ફેબ્રુઆરી, ૨૦૨૬, રવિવાર : સવારે ૧૦-૦૦થી ૧-૦૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને શ્રી નિરંજન ભગત મેમોરિયલ ટ્રસ્ટ

ગોળમેજી સાહિત્ય વિચાર-વિમર્શનું આયોજન.

શ્રી નિરંજન ભગતના ત્રણ દીર્ઘ લેખો - નરસિંહ મહેતા, મીરાં અને ચિત્રાંગદા વિશે સાહિત્યવિમર્શનો ઉપક્રમ. જેમાં એક વિદ્વાન મોડરેટર તથા બે અભ્યાસુઓ જે તે વિષય પર પોતાનો અભ્યાસ પંદર પંદર મિનિટમાં રજૂ કરશે તેમજ આમંત્રિત વિદ્વાનો એમનાં અલગ નિરીક્ષણ હોય તો તે રજૂ કરશે એવો આ સાહિત્યવિમર્શનો ઉપક્રમ છે.

## એકત્ર જ્ઞાનગોષ્ઠિ

**◈ ૬ ફેબ્રુઆરી, ૨૦૨૬, શુક્રવાર : સાંજના ૫-૩૦**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ અને એકત્ર ફાઉન્ડેશનના ઉપક્રમે વિશ્વના શ્રેષ્ઠ પુસ્તકોનો ઓડિયો સારાંશ આપતી એપ્લિકેશનનો ઉદ્‌ઘાટન સમારોહ.

વક્તવ્ય : જય વસાવડા, હેમંતકુમાર શાહ, નિધીશ ત્યાગી, ઉર્વિશ કોઠારી

સ્વાગત : હસિત મહેતા, સંચાલન : ક્રિશ્ના વ્યાસ

પ્રાસ્તાવિક : અતુલ રાવલ,

વિશેષ ઉપસ્થિતિ : રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ

## શ્રી મનસુખભાઈ જે. મેદાણી સમાજ-ઉત્કર્ષ એવોર્ડ

**◈ ૧૪ ફેબ્રુઆરી, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૩૦**

'અમર ભારતી'નાં શ્રી રતનબહેન રાતડિયાને ઍવૉર્ડ અર્પણ કરવામાં આવશે.

પ્રાસંગિક વક્તવ્ય : શ્રી ચંદ્રવદન શાહ, શ્રી રમેશ તન્ના

## શિક્ષણવિદ શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી

**◈ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬, શનિવાર : સાંજના ૫-૦૦**

'શિક્ષક શ્રી રતિલાલ બોરીસાગર : અનુભવ અને પ્રાપ્તિ' એ વિશે રતિલાલ બોરીસાગર સાથે શ્રી મનસુખ સલ્લા સંવાદ કરશે.

## બાળસાહિત્ય અકાદમીનું અધિવેશન

**◈ ૨૨ ફેબ્રુઆરી, ૨૦૨૬, રવિવાર : સવારના ૧૦-૦૦થી ૫-૦૦**

બાળસાહિત્ય અકાદમી આયોજિત સાહિત્યકાર જયભિખ્ખુ સ્મૃતિ અધિવેશન

અતિથિવિશેષ : ડૉ. ટી. એસ. જોષી (ચિલ્ડ્રન્સ રિસર્ચ યુનિવર્સિટીના કુલપતિ)

યશવંત મહેતા, કુમારપાળ દેસાઈ, પ્રફુલ્લ રાવલ, સુશ્રુત પટેલ, ઉર્વીશ કોઠારી, નટવર પટેલ, આરતી કરાડે તથા અન્યનાં વક્તવ્યો અને સ્મૃતિ-વંદના.

## અમદાવાદના સ્થાપના દિને

**◈ ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૬, ગુરુવાર : સાંજના ૫-૩૦**

અમદાવાદ ફાઉન્ડેશન, ગુર્જર ગ્રંથરત્ન કાર્યાલય અને ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટના સંયુક્ત ઉપક્રમે અમદાવાદના જન્મોત્સવ સંદર્ભે 'અમદાવાદની અદાલત'

વક્તવ્ય : શ્રી પી. કે. લહેરી, શ્રી સુભાષ બ્રહ્મભટ્ટ અને ડૉ. માણેકલાલ પટેલ 'સેતુ'

## આસ્વાદ

**◈ ૨૧ ફેબ્રુઆરી, ૨૦૨૬, શનિવાર : સવારે ૧૦-૦૦**

વિશ્વકોશભવનના શેઠ હઠીસિંહ કેસરીસિંહ સભાગૃહમાં 'ધર્મગ્રંથો અને સમાજ' વિશે સમાજચિંતક અને વાચનપ્રેમી શ્રી અશોક વિદ્વાંસ વક્તવ્ય આપશે.





કાર્યક્રમમાં ઉપસ્થિત શ્રોતાગણ

પદ્મભૂષણ ડૉ. ધીરુભાઈ ઠાકરની પુણ્યસ્મૃતિએ
વ્યાખ્યાન આપતા પૂજ્ય શ્રી અક્ષરવત્સલસ્વામી



‘વિદેશવાસી ગુજરાતીઓ : આકાંક્ષાઓ,
પડકારો અને સિદ્ધિઓ’ વિશે
શ્રી પૂર્ણિમાબહેન ભટ્ટ



ઉદયન ઠક્કરની કાવ્યયાત્રાનો આલેખ ‘સહરાથી સપ્તર્ષિ’ કાર્યક્રમમાં
અમર ભટ્ટ, ઉદયન ઠક્કર અને અર્ચન ત્રિવેદી




ડાયસ્પોરા ગુજરાતી સાહિત્ય સંશોધન કેન્દ્ર અંતર્ગત ‘શબ્દની આંખે, સૂરની પાંખે’
કાર્યક્રમમાં કાવ્યસંગીત અને કાવ્યપઠન કરતા ઉપસ્થિત કલાકારો


દર માસની ૫મી તારીખે પ્રકાશિત ISSN 2321 6999


RNI No. GUJGUJ/1998/04459. postal Regd. No. GAMC-1375/2024-26 issued by SSP Ahmedabad-9. Valid Upto 31-12-2026. License to post without Prepayment No. PMG/NG/111/2024-2026. valid upto 31/12/2026. Posted at Ahmedabad Unaccountable L1 On 5th every month.


## ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટનું વિશિષ્ટ પ્રકાશન

**વિશ્વકોશની દુનિયામાં નવી પહેલ ગુજરાતી ભાષામાં ૧૮૫૦થી અત્યાર સુધીની ગુજરાત, ભારત અને વિશ્વની ૧૦૦૦થી વધુ નારીપ્રતિભાઓના કાર્યનો પરિચય આપતા ગુજરાતી ભાષામાં સર્વપ્રથમ**

# નારીકોશ
## (ભાગ ૧થી ૩)




## વિશેષ વળતર

**નારીકોશ (ભાગ–૧) : રૂ. ૮૦૦**
**નારીકોશ (ભાગ–૨) : રૂ. ૮૦૦**
**નારીકોશ (ભાગ–૩) : રૂ. ૮૦૦**

**ત્રણેય ભાગની કુલ કિંમત ૨૪૦૦/– રૂ. છે, જે ૮ માર્ચ, ૨૦૨૬ સુધી ૨૫% વિશેષ વળતરથી ૧૮૦૦/– રૂ.માં મળશે.**

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ વતી મુદ્રક, પ્રકાશક અને તંત્રી : કુમારપાળ દેસાઈ, સંપાદક : પ્રીતિ શાહ
પ્રકાશનસ્થળ : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ, રમેશ પાર્કની બાજુમાં, વિશ્વકોશ માર્ગ, ઉસ્માનપુરા, અમદાવાદ ૩૮૦ ૦૧૩. ફોન : ૨૭૫૫ ૧૭૦૩, મુદ્રણસ્થળ : ભગવતી ઑફસેટ, સી-૧૨, બંસીધર મિલ કમ્પાઉન્ડ, બારડોલપુરા, દરિયાપુર, અમદાવાદ ૩૮૦ ૦૦૪